રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવાળોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.



ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૪ માર્ચ, ૨૦૨૫ સોમવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક



મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.



◆અંક નંબર : ૨૫૪◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ફાગણ વદ - ૧૦ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૪૨૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


## વડાપ્રધાનશ્રીનો વધુ એક અભિગમ વડનગરમાં સાકાર થશે

# વિરાસત ભી-વિકાસ ભી : મુખ્યમંત્રી

### ધોરડો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની જેમ હવે હાટકેશ્વર મંદિરમાં પણ પ્રવાસીઓને લાઈટ એન્ડ સાઉન્ડ શો માણવા મળશે






ગાંધીનગરઃ વડા પ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ દેશના અલગ અલગ હેરિટેજ સ્થળો, પૌરાણિક-ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થાનો તથા જુદા જુદા મોન્યુમેન્ટ્સની વિરાસત જાળવી રાખીને વધુને વધુ પ્રવાસીઓ-લોકોને તેના ઈતિહાસ, સંસ્કૃતિ અને અન્ય મહાત્મયથી પરિચિત કરાવવા "વિરાસત ભી, વિકાસ ભી"નો અભિગમ અપનાવવાની પ્રેરણા આપી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે વડાપ્રધાનશ્રીના આ અભિગમને વડનગરના હાટકેશ્વર મંદિરના નવનિર્મિત લાઈટ એન્ડ સાઉન્ડ શોથી સાકાર કર્યો છે. હાટકેશ્વર મંદિરના દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ આ મંદિરના પૌરાણિક ઈતિહાસને સુપેરે જાણી શકે તે હેતુથી ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા રૂપિયા ૫.૫૩ કરોડના ખર્ચે અદ્યતન લાઈટ એન્ડ સાઉન્ડ શોનું નિર્માણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી વડનગરમાં યોજાઈ રહેલા ત્રિ-દિવસીય


અનુસંધાન પાના નં.૪ પર


## વકફ સુધારા બિલ સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરવાનું મુસ્લિમ લો બોર્ડનું એલાન

નવી દિલ્હી :આઅઠવાડિયે સંસદમાં વકફ સુધારા બિલ રજૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ બિલમાં સુધારા સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરવાનું એલાન ધ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે કર્યું છે. પ્રથમ તબક્કામાં ૨૬ માર્ચે પટણા ખાતે અને ૨૯ માર્ચે વિજયવાડા ખાતે વિધાનસભા સામે દેખાવો કરાશે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડની સાથે અન્ય લઘુમતી સંગઠનો અને વિપક્ષના નેતાઓ પણ વિરોધ પ્રદર્શનમાં જોડાશે.

બોર્ડના પ્રવક્તા અને વકફ બિલ સામેની એક્શન કમિટીના કન્વીનર એસ. ક્યુ.આર. ઈલિયાસે કહ્યું હતું કે, અલ્લાહની મહેર વગર અને આ સંગઠનોના સમર્થન વગર દિલ્હી ખાતેના દેખાવો શક્ય ન હોતા. એક્શન કમિટીના તમામ ૩૧ સભ્યોએ આ બિલનો બંધારણીય, કાનૂની અને લોકશાહી ઢબે વિરોધ કરવાનો નિર્ધાર કર્યો છે. આગામી સમયમાં આ વિરોધમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરેથી ધાર્મિક-સામાજિક અગ્રણીઓ પણ ભાગ લે તેવી શક્યતા છે. બોર્ડ દ્વારા દાવો કરાયો છે કે, દલિત, આદિવાસી અને ઓબીસી સમાજના અગ્રણીઓ તથા અનેક કર્મશીલોએ દેખાવોમાં ભાગ લેવા સંમતિ દર્શાવી છે. બોર્ડ દ્વારા વક્ફ મામલે બનેલી જેપીસીના સભ્યોને પણ દેખાવોમાં જોડાવા આમંત્રિત કર્યા છે.વક્ફ સુધારા બિલને નુકસાનકારક અને પક્ષપાતી ગણાવતા ઈલિયાસે કહ્યું હતું કે, આ વિરોધ દ્વારા તેઓ ભાજપના સાથી પક્ષોને સ્પષ્ટ સંદેશ આપવા માગે છે. ભાજપ ને આપેલું સમર્થન પરત ખેંચવા અથવા અમારું (મુસ્લિમ) સમર્થન ગુમાવવા સિવાય તેમની પાસે તેમની પાસે કોઈ વિકલ્પ નથી. દેશવ્યાપી ઝુંબેશના ભાગરૂપે હૈદરાબાદ, મુંબઈ, કોલકાતા, બેંગલુરુ, માલેરકોટલા (પંજાબ) અને રાંચીમાં વિશાળ રેલીઓનું આયોજન કરાયું છે.

કોંગ્રેસે વકફ (સુધારા) બિલને બંધારણ પર હુમલો ગણાવતા આક્ષેપ કર્યો હતો કે પ્રસ્તાવિત કાયદો ભાજપ ના સદીઓ જૂના સામાજિક સૌહાર્દના બંધનને નુકસાન પહોંચાડવાના સતત પ્રયાસોનો એક ભાગ છે. વિપક્ષી પાર્ટીએ કહ્યું હતું કે, દુષ્પ્રચાર અને પૂર્વગ્રહ પેદા કરીને લઘુમતી સમુદાયોને બદનામ કરવાન ।


અનુસંધાન પાના નં.૪ પર


## લોકસભાની ચૂંટણી બાદ છ રાજકિય પક્ષોની તિજોરી છલક-છલક

નવી દિલ્હી :લોકસભા ચૂંટણી પછી, દેશના છ મુખ્ય પક્ષો - ભાજપ, ટીડીપી, સીપીએમ, એલજેપી (રામવિલાસ), સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ (એસડીએફ) અને ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના પાર્ટી ફંડમાં તોતિંગ વધારો થયો છે. ચૂંટણી પ્રક્રિયાના અંતે આ પક્ષો પાસે ચૂંટણી શરૂ થઈ ત્યારે જે ભંડોળ હતું તેના કરતાં ઘણું વધારે હતું.ઉપરાંત, ૨૨ મુખ્ય રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પંચમાં દાખલ કરાયેલા ચૂંટણી ખર્ચ અહેવાલોના વિશ્લેષણ મુજબ, ૨૦૨૪ ની ચૂંટણીના સમાપન સમયે તેમના 'ક્લોઝિંગ બેલેન્સ'માં કુલ રકમ ચૂંટણીની જાહેરાતના દિવસે તેમના સામૂહિક 'ઓપનિંગ બેલેન્સ' કરતા ૩૧% વધુ હતી. કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટિવના ડિરેક્ટર વેંકટેશ નાયક દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણ મુજબ, ૨૨ પક્ષો - જેમાં પાંચ રાષ્ટ્રીય પક્ષો ભાજપ, કોંગ્રેસ, સીપીએમ, આપ અને બીએસપીનો સમાવેશ થાય છે, અને તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે, બીઆરએસ, ટીડીપી, વાયએસઆર કોંગ્રેસ, એસપી અને જેડીયુ સહિત ૧૭ પ્રાદેશિક પક્ષો - લઘુમતીમાં છે. ૨૦૨૪માં લોકસભા અને ચાર રાજ્ય વિધાનસભાઓની સામાન્ય ચૂંટણીઓની જાહેરાતના દિવસે આ પક્ષો પાસે ૧૧,૩૨૬ કરોડ રૂપિયાનું ઓપનિંગ બેલેન્સ હતું. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રૂ. ૭,૪૧૬ કરોડ એકત્ર કર્યા અને રૂ. ૩,૮૬૧.૬ કરોડ ખર્ચ્યા પછી, ચૂંટણી પૂરી થઈ તે દિવસે ૨૨ પક્ષો પાસે કુલ રૂ. ૧૪,૮૪૮ કરોડનું બંધ બેલેન્સ હતું. અભ્યાસ મુજબ, ભાજપ ૫,૯૨૧.૮ કરોડ રૂપિયાના સૌથી વધુ ઓપનિંગ બેલેન્સ અને ૧૦,૧૦૭.૨ કરોડ રૂપિયાના ક્લોઝિંગ બેલેન્સ સાથે ચાર્ટમાં ટોચ પર છે. મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસ શરૂઆતના બેલેન્સની દ્રષ્ટિએ ૨૨ પક્ષોમાં નવમા ક્રમે રહ્યો, અને બંધ બેલેન્સની દ્રષ્ટિએ ૧૨મા સ્થાને સરકી ગયો. ગયા વર્ષની સામાન્ય ચૂંટણી માટે ૫,૯૨૨ કરોડ રૂપિયાનો પ્રારંભિક ખર્ચ જાહેર કરનાર ભાજપે ૬,૨૬૮ કરોડ રૂપિયા એકત્ર કર્યા અને ૧,૭૩૮ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. જોકે, ભાજપના ચૂંટણી ખર્ચના નિવેદન મુજબ, તે રૂ. ૧૦,૧૦૭ કરોડના બંધ બેલેન્સ સાથે વધુ સમૃદ્ધ બન્યો. ભાજપનું ક્લોઝિંગ બેલેન્સ તેના ઓપનિંગ બેલેન્સ કરતાં રૂ. ૪,૧૮૫ કરોડ વધુ હતું, ટીડીપીનું રૂ. ૬૫.૪ કરોડ, સીપીએમનું રૂ. ૮ કરોડથી વધુ, એલજેપીવીનું રૂ. ૯.૯ કરોડ, એસડીએફનું રૂ. ૭૬ લાખ અને એઆઈયુડીએફનુ


અનુસંધાન પાના નં.૪ પર


## કોમેડિયન કુણાલ કામરાનની મુશ્કેલી વધી

### એકનાથ શિંદે સામે બોલવુ ભારે પડયું : ફરીયાદ દાખલ

મુંબઈ : સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાને એકનાથ શિંદે વિરૂધ્ધ બોલવાનું ભારે પડ્યું છે. જેને પગલે કુણાલ કામરા ફરી એકવાર વિવાદમાં ફસાઈ ગયો છે. કામરા પર મુંબઈમાં એક કાર્યક્રમ દરમિયાન મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને શિવસેના પક્ષના વડા એકનાથ શિંદે વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવાનો આરોપ છે. આ કેસમાં મુંબઈ પોલીસે સોમવારે કુણાલ કામરા વિરુદ્ધ FIR નોંધી છે.મુંબઈના MIDC પોલીસ સ્ટેશનના એક અધિકારીએ માહિતી આપી હતી કે સોમવારે વહેલી સવારે કામરા વિરુદ્ધ BNSની વિવિધ કલમો હેઠળ FIR નોંધવામાં આવી હતી, જેમાં ૩૫૩(૧) (b) (જાહેર ઉપદ્રવ પેદા કરતા નિવેદનો) અને ૩૫૬(૨) (માનહાનિ)નો સમાવેશ થાય છે, પોલીસે જણાવ્યું હતું.

## બુલેટ ટ્રેનની કામગીરી દરમિયાન વિશાળ ક્રેન પડતા દુર્ઘટના સર્જાય

### વિશાળ ક્રેન પડતા અમદાવાદ મુંબઈ વચ્ચે ટ્રેન વ્યવહાર ખોરવાયો



ગાંધીનગરઃ અમદાવાદના વટવા વિસ્તારમાં રોપડા બ્રિજ નજીક બુલેટ ટ્રેનની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન એકાએક વિશાળકાય ક્રેન તૂટી પડતા અમદાવાદ મુંબઈ વચ્ચેના ટ્રેન વ્યવહારને અસર થઈ છે. આ ઘટના અંગેની પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે ગત રાત્રે અમદાવાદ વટવા હાથીજણ વિસ્તારમાં રોપડા બ્રિજ નજીક એકા એક વિશાળ ક્રેન તૂટી પડતા દુર્ઘટના સર્જાઈ હતી આ ઘટનામાં બે વ્યક્તિઓને ઈજા થઈ હોવાનું જાણવા મળે છે. વિશાળ ક્રેન પડતા અમદાવાદ મુંબઈ વચ્ચેના ટ્રેન વ્યવહારને અસર થઈ છે કેટલીક ટ્રેનના રૂટને ડાયવર્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ૧૦


અનુસંધાન પાના નં.૪ પર


## દેશભરના પોલીસ જવાનો સ્વિમિંગ - ડાઇવિંગમાં કૌવત ઝળકાવશે

### ગુજરાતમાં પ્રથમ વાર ઓલ ઇન્ડિયા પોલીસ એકવેટીક કલસ્ટર ચેમ્પિયનશિ યોજાશે

ગાંધીનગર : ગાંધીનગર ખાતે આજથી ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ "ઉદ્ઘાટન સમારોહ ગુજરાતના પોલીસ મહાનિદેશક વિકાસ સહાયની ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય ૭૨ મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપનો શુભારંભ કરાવશે. ગુજરાતમાં પ્રથમ વાર ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ યોજાવાની છે. ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વિટી


અનુસંધાન પાના નં.૪ પર


## ટોલનાકા આવકમાં દેશભરમાં ગુજરાતનો ડંકો



(એજન્સી દ્વારા) નવી દિલ્હી : રસ્તાઓ પરના ટોલ પ્લાઝા સામાન્ય લોકો પાસેથી કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે. લોકસભામાં અપાયેલી માહિતી મુજબ ઐતિહાસિક ગ્રાન્ડ ટ્રંક રોડ પર સ્થિત એક ટોલ પ્લાઝા, દિલ્હી મુંબઈ હાઈવે પર સ્થિત એક ટોલ પ્લાઝા અને ભારતના સૌથી લાંબા રાષ્ટ્રીય હાઈવે પર સ્થિત એક ટોલ પ્લાઝા દેશના સૌથી વધુ કમાણી કરતા ટોલ વસૂલતા પ્લાઝામાં સામેલ છે. એટલું જ નહીં, આ પ્લાઝાએ છેલ્લા પાંચ વર્ષમાં હજાર કરોડથી વધુની કમાણી કરી છે.

લોકસભામાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ગુજરાતમાં NH-૪૮ના વડોદરા-ભરૂચ સેક્શન પર સ્થિત ભરથાણા ટોલ પ્લાઝા દેશનો સૌથી નફાકારક પ્લાઝા છે.તેણે છેલ્લા પાંચ વર્ષમાં ૨ હજાર કરોડ રૂપિયાથી વધુનો કર વસૂલ્યો છે. આમાં સૌથી વધુ ટોલ વસૂલાત નાણાકીય વર્ષ ૨૩-૨૪માં થઈ હતી. આ ટોલ પ્લાઝાએ ૪૭૨.૬૫ કરોડ રૂપિયાની વસૂલાત કરી હતી. બીજા નંબરે રાજસ્થાનમાં શાહજહાંપુર ટોલ પ્લાઝા છે, જે દિલ્હીથી મુંબઈને જોડતા NH-૪૮ના ગુડગાંવ કોટપુતલી-જયપુર સેક્શન પર સ્થિત છે. છેલ્લા પાંચ વર્ષમાં આ ટોલ પ્લાઝા પર ૧૮૮૪.૪૬ કરોડ રૂપિયાનો ટેક્સ વસૂલવામાં આવ્યો છે.પશ્ચિમ બંગાળમાં NH-૧૬ના ધનકુની ખડગપુર સેક્શન પર સ્થિત જલાધુલાગોરી પ્લાઝા દેશના સૌથી વધુ કમાણી કરતા ટોલ પ્લાઝાની યાદીમાં ત્રીજા નંબરે આવે છે. આ પાંચ વર્ષમાં આ પ્લાઝાએ ૧૫૦૦ કરોડ રૂપિયાથી વધુનો ટોલ વસૂલ્યો છે. આ હાઈવે ભારતના પૂર્વ કિનારા સાથે ચાલે છે અને તે ગોલ્ડન ચતુર્ભુજ પ્રોજેક્ટનો એક ભાગ છે.

શ્રીનગરથી કન્યાકુમારીને જોડતા NH-૪૪ના પાણીપત-જલંધર સેક્શન પર સ્થિત ઘરોંડા ટોલ પ્લાઝા, દેશનો ચોથો સૌથી વધુ કમાણી કરતો ટોલ પ્લાઝા છે. છેલ્લા પાંચ વર્ષમાં તેની કુલ આવક ૧૩૦૦ કરોડ રૂપિયાથી વધુ છે.

બીજી તરફ સરકાર તરફથી જાહેર કરેલી યાદી અનુસાર, ગુજરાતમાં NH-૪૮ ના ભરૂચ-સુરત સેક્શન પર ચોર્યાસી, રાજસ્થાનમાં NH-૪૮ ના જયપુર-કિશનગઢ સેક્શન પર ઠિકારિયા પ્લાઝા, તમિલનાડુમાં NH-૪૪ ના કૃષ્ણગિરી થુમ્બીપડી સેક્શન પર કૃષ્ણગિરી થોપુર, ઉત્તર પ્રદેશમાં NH-૨૫ ના કાનપુર-અયોધ્યા સેક્શન પર નવાબગંજ અને બિહારમાં NH-૨ ના વારાણસી-ઔરંગાબાદ સેક્શન પર સાસારામનો સમાવેશ થાય છે.

## ગુનેગારો સામે અમદાવાદ સીપીના આકરા તેવર



અમદાવાદ : શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે માટે પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા અસામાજીક પ્રવૃતિને અંકુશમાં રાખવા માટે અસામાજીક તત્વો વિરુદ્ધમાં પાસા તેમજ હદપારી જેવા અટકાયતી પગલાઓનો અસરકારક અમલ કરાવી શહેરભરમાંથી આજદીન સુધી કુલ ૨૨૦ જેટલા શરીર સબંધી, મિલ્કત સબંધી, પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમો તથા અન્ય ગુનાહીત ઈસમોને રાજ્યની અલગ અલગ જેલોમાં મોકલી દેવામાં આવ્યા છે.આજદીન સુધીમાં કુલ ૨૪ ઈસમો વિરુધ્ધ તડીપારની કાર્યવાહી પણ અમલમાં લાવવામાં આવીછે.જે કામગીરીના ભાગરુપે શહેરના સાબરમતી, સરદારનગર, કાગડાપીઠ, શહેરકોટડા, સોલા, મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારોના અલગ અલગ અસામાજીક પ્રવૃતિ કરતા કુલ ૯ ઈસમો વિરુધ્ધમાં પાસાની કાર્યવાહી કરી પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ એકસાથે રાજયની રાજકોટ જેલમાં મોકલી આપેલ છે.તેમજ ૧૦ ઈસમોને તડીપાર કરવા કાર્યવાહી હાથ ધરવા હુકમ કરેલ છે.આરોપીઓને ક્રાઈમબ્રાંચ બોલાવી પૂછપરછ કરવામાં આવી હતી. દસ સપ્તાહે આરોપીઓને બોલાવીને પૂછપરછ કરાશે અને ક્રાઈમબ્રાન્ચે ૩૫૩ આરોપી ઓને બોલાવીને પૂછપરછ પણ કરી છે.

## તિકડમ !
– દેવેન વ્યાસ




## ભારતમાં ફરી ભૂકંપ, વહેલી સવારે લદ્દાખમાં ધરા ધ્રુજી

નવી દિલ્હી : સોમવારે (૨૪ માર્ચ) વહેલી સવારે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૬ માપવામાં આવી હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર અનુસાર, આ ભૂકંપ સવારે ૪:૩૨:૫૮ વાગ્યે આવ્યો હતો. ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકો પોતાના ઘરની બહાર નીકળી આવ્યા હતા.વહેલી સવારે આવેલા આ ભૂકંપનું કેન્દ્રબિંદુ લદ્દાખની રાજધાની લેહમાં હતું. સ્થાનિક લોકોએ જણાવ્યું કે ભૂકંપના આંચકાને કારણે તેઓ જાગી ગયા અને પછી તેઓ પોતાના ઘરની બહાર નીકળી ગયા. જોકે આ ભૂકંપ ને કારણે કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી. વહીવટીતંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે.

## ભારતીય શેરબજારમાં પાછી ફરી રોનક : વિદેશી રોકાણકારોનો સાથ મળતા ૪ વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક ઉછાળો




મુંબઈ : અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે સોમવારે શેરબજારની શરૂઆત પણ સારી રહી. ગયા અઠવાડિયે જંગી ઉછાળો નોંધાવ્યા બાદ, આજે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરનો સેન્સેક્સ ખુલતાની સાથે જ ૫૦૦ પોઈન્ટથી વધુ ઉછળ્યો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ખુલતાની સાથે જ ૧૫૦૫ પોઈન્ટથી વધુ ઉછળ્યો. આ દરમિયાન, પાવરગ્રીડ, NTPC, RVNL અને IREDA ના શેરમાં ઝડપી ગતિએ સુધારો જોવા મળ્યો. ૧૦ વાગ્યે સેન્સેક્સ ૫૯૪ પોઈન્ટ વધીને ૭૭૫૦૦ તથા નીફ્ટી ૧૮૦ પોઈન્ટ વધીને ૨૩૫૩૧ ઉપર છે.




કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૨૪-૦૩-૨૦૨૫

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
ફાગણ વદ - ૧૦, તા.૨૪ માર્ચ, સોમવાર

# ટીબીનો આપણે અંત લાવી શકીએ છીએ...!



### આજે વિશ્વ ટીબી દિવસ : વિશ્વમાં દરરોજ ચાર હજારથી વધુ મૃત્યુમાં ટીબી કારણભૂત

વિશ્વમાં દર વર્ષે અન્ય કોઈ ચેપી રોગ કરતા ટીબીને કારણે વધુ લોકો મૃત્યુ પામે છે, ૨૦૨૩ માં દોઢ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા : ભારતમાં એક લાખની વસ્તીમાં ટીબીના ૧૯૨ કેસ જોવા મળે છે : ટીબી રોકી શકાય તેવી અને સારવાર કરી શકાય તેવી બીમારી છે.આ વર્ષની ઉજવણી થીમ ‘આપણે ટીબીનો અંત લાવી શકીએ છીએ : પ્રતિબધ્ધ થાઓ, રોકાણ કરો, અને પહોંચાડો’ છે, જે વૈશ્વિક લક્ષ્યાંક ૨૦૩૦ માં ટીબી નાબૂદી માટે નિદાન, સારવાર અને સંભાળ માટે મહત્વપૂર્ણ કાર્ય કરવા માટે ભાર મૂકે છે.

૧૮૮૨ માં આજના દિવસે રોબર્ટ કોએ નામના વૈજ્ઞાનિકે ટીબીના બેસીલાઈ માઈક્રોબેકટેરિયમ ટયુબરકયુલોસીસની શોધ કરી હોવાથી તેની યાદમાં આજે વિશ્રવ ટીબી દિવસ ઉજવાય છે : જોહાન શોનલેને એ ૧૮૩૪ માં ‘ક્ષય’ શબ્દ લોકપ્રિય બનાવ્યો છતાં આ રોગ તેના પહેલા ત્રીસ લાખ વર્ષથી અસ્તિત્વમાં હોવાનું મનાય છે.ટીબીને વર્ષો પહેલા રાજરોગ પણ કહેવાતો હતો, ક્ષય નામથી જાણિતા રોગને ટયુબરકયુલોસીસ પણ કહેવાય છે, જેને ટુકાક્ષરીમાં ટીબી કહેવાય છે. આજે વિશ્રવ ટીબી દિવસની વૈશ્રિવક સ્તરે ઉજવણી થઈ રહી છે. ત્યારે આ રોગ ત્રીસ લાખ વર્ષ પહેલા અસ્તિત્વમા હોવાનું મનાય છે. ૧૮૩૪ માં જોહાન શોનલેને ‘ક્ષય’ રોગ શબ્દને લોકપ્રિય બનાવ્યો હતો. બાદ ૧૮૮૨ માં આજના દિવસે રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટીબીના બેસીલાઈ માઈક્રોબેકટેરિયમ ટયુબલરકયુલોસીસની શોધ કરી હતી. આજે તેમની યાદમાં દર વર્ષે આ દિવસ ઉજવાય છે.

વૈશ્વિક લક્ષ્યાંક ‘‘એન્ડ ટીબી ૨૦૩૦’’ ને હજી પાંચ વર્ષ બાકી છે, ત્યારે તેના નિવારણ, નિદાન, સારવાર અને સંભાળ માટે મહત્વપૂર્ણ કાર્ય કરવાની જરૂર છે. ટીબી એ હવાથી ફેલાતો ચેપી રોગ છે, જેનાથી વિશ્વમાં દરરોજ ચાર હજારથી વધુ લોકો મૃત્યુ પામે છે. ટીબી એક ચેપીરોગ હોવાથી તેની તકેદારી રાખવી જરૂરી છે. સામાન્ય માનવી કરતા એચઆઈવી વાયરસ સાથે જીવતાં લાકોમાં ચેપ લાગવાની શકયતા દસ ગણી વધી જાય છે. ૨૦૨૫ નું ચાલુ વર્ષ તેનાથી પીડીત લાખો લોકોની વેદનાનો અંત લાવવા અને અસરગ્રસ્તો માટે વ્યાપક અને સાર્વત્રિક સંભાળની હાકલ કરે છે.વિશ્રવના તમામ દેશોએ અસમાનતાનો સામનો કરી અને તેને અટકાવી શકાય તેવી ઉપચાર પધ્ધતિમાં દર્દીને સામેલ કરીને બિમારીનો અંત લાવવા કાર્ય કરેલ છે, પણ તેની નાબૂદી આપણા સૌની સામુહિક જવાબદારી છે.

## પોલીસ તંત્રનો તઘલખી આદેશ

# ૧૦૦ નિર્દોષ ભલે દંડાય પણ, એક અપરાધી છૂટવો ન જોઈએ..!

### શહેરમાં લુખ્ખાગીરી કરતા તત્ત્વોને ડામવામાં નિષ્ફળ પોલીસ તંત્રએ નિર્દોષ ધંધાર્થીઓના રોજગાર પર કર્યો કુઠારાઘાત : રાત્રે ૧૧ વાગ્યા બાદ ધંધા-રોજગાર બંધ કરવાના આદેશ સામે ફેલાયો આક્રોશ

ભુજ : રાજયના ડીજીપી દ્વારા અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવાના આદેશથી કચ્છ સહિત રાજયભરમાં પોલીસ તંત્રએ આવારાગીરી કરતા, લુખ્ખા તત્ત્વો અને હિસ્ટ્રીશીટરો સામે કાયદાનું શસ્ત્ર ઉગામ્યું છે. અચાનક જ હરકતમાં આવેલા પોલીસની તાબડતોડ કામગીરીથી અસામાજિક તત્ત્વોમાં ગભરાટ જરૂર ફેલાયો છે પરંતુ રાતોરાત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુદૃઢ કરી દેવાની લ્હાયમાં પોલીસ તંત્રના તઘલખી નિર્ણયો સામે જનતામાં કચવાટ પણ ફેલાયો છે. ખાસ કરીને રાત્રે ૧૧ વાગ્યાથી તમામ ધંધા-રોજગાર બંધ કરી દેવાના પોલીસના આદેશથી અનેક પરિવારોના ચુલા ઠંડા થઈ જાય તેવી ભીતિ સર્જાઈ છે. જયાં એકતરફ પોલીસ નાના-મોટા અપરાધીતત્ત્વો સામે કડકાઈ કરવા સાથે ઝુંબેશ ચલાવી રહી છે ત્યાં કુખ્યાત અને ભ્રષ્ટ ખાખીધારીઓથી સાંઠગાંઠ ધરાવતા રીઢા ગુનેગારો સામે કાર્યવાહી કરવામાં ઉણી ઉતરી છે તેવો કચવાટ કચ્છમાં છાનેખૂણે સંભળાતો થયો છે.

કચ્છના જાગૃત અને કાયદાના જાણકાર વિધવાનો કહે છે કે, ભારતના કાયદા શાસ્ત્રની પ્રથમ લાઈનમાં ઉલ્લેખ કરાયો છે કે, ભલે ૧૦૦ અપરાધીઓ છૂટી જાય પણ, કોઈ એક નિર્દોષ દંડાવો જોઈએ નહીં પરંતુ ડીજીપીના આદેશ બાદ અધીરી બનેલ પોલીસે ભલે ૧૦૦ નિર્દોષ લોકો દંડાઈ જાય પણ કોઈ એક અપરાધી બચવો ન જોઈએ તેવી ભીતિ અખત્યાર કરી છે. મોડી રાત્રે શહેરના વિવિધ વિસ્તારોમાં પડ્યા પાથર્યા રહેતા આવારા અને લુખ્ખા તત્ત્વોને પકડવામાં વિફળ પોલીસે રાત્રિના સમયે ધંધા-રોજગાર જ બંધ કરાવી દેવાનો વિકલ્પ અપનાવ્યો છે. જેના કારણે અનેક નાના શ્રમજીવીઓની આજીવિકા છીનવાઈ જાય તેવી ભીતિ સર્જાઈ છે. મહાનગર બનવા ભણી અગ્રેસર જિલ્લામથક ભુજમાં વિતેલા અઢી દાયકા બાદ નોંધપાત્ર ફેરફાર થયો છે. જિલ્લામથક હોવાના નાતે સાથે કોલેજ આગમન બાદ ભુજમાં મોડી રાત સુધી લોકોની ચહલપહલ રહેતી હોય છે. આ ઉપરાંત આરોગ્યક્ષેત્રે પણ મોટાભાગની સેવાઓ ભુજમાં જ ઉપલબ્ધ હોવાથી જિલ્લાભરમાંથી દર્દીઓ સારવાર માટે કોઈપણ સમયે ભુજ આવતા હોય છે. સિનેમાઘરના અંતિમ શો પણ રાત્રે સાડા બાર કલાકે પુરા થતા હોય છે. કચ્છ નાઈટ ક્રિકેટ પણ મોડે સુધી રમાતી હોય છે. નોકરી-ધંધાર્થે કચ્છમાં વસવાટ કરતા લોકો મોડી રાત્રે ફરજ પરથી પરત આવ્યા બાદ પોતાના રાત્રિ ભોજન માટે નીકળતા હોય છે. રાત્રે ૧૧ કલાકે ખાણીપીણીના ગલ્લા, ચાની લારીઓ વગેરે બંધ કરી દેવાના આદેશથી દર્દીઓ, પરપ્રાંતિય નોકરીયાતો વગેરેની મુસિબત વધશે સાથે જ અનેક ધંધાર્થીઓના રોજગાર છીનવાઈ જશે.

જાગૃત નાગરિકો કહે છે કે, રાત્રિ પેટ્રોલિંગ વધારવાના બદલે પોલીસે રાત્રે ૧૧ વાગ્યે લોકડાઉન કરાવી દેવાની જે નીતિ અપનાવી છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. દેશના કોઈપણ શહેરમાં ન હોય તેવા આદેશ લાગુ કરી પોલીસે સામાન્ય જનતાની નજરમાં પોતાની છાપ ખરાબ કરી છે. બેફામ દોડતા વાહનો, ઓવરલોડના દુષણ, ચોરી-લૂંટ જેવા અપરાધોને ડામવામાં પોલીસ નિષ્ફળ રહી છે. અનેક ચોરી, મંદિર ચોરીઓના ભેદ હજુ ઉકેલાયા નથી. શાળા-કોલેજોના સમય દરમિયાન કન્યા વિદ્યાલયો આસપાસ રખડતા અને રોમિયોગીરી કરતા તત્વો કાબૂમાં કરવામાં નિષ્ફળ રહેલી પોલીસ હવે રાત્રિ સમયે લુખ્ખાગીરી કરતા તત્ત્વોને હડકવાના બદલે નિર્દોષ લોકોના ધંધા-રોજગારને બંધ કરાવી દેવાનો દુર્ભાગ્યપૂર્ણ આદેશ કર્યો છે. અપરાધીઓને પકડવાના બદલે પોલીસે નિર્દોષ ધંધાર્થીઓને મુસબિતમાં મૂકી દીધા છે.

પશ્ચિમ કચ્છમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોય તેમ ક્રાઈમ રેટમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ભૂતકાળમાં રાજયના ગૃહમંત્રીએ વ્યાજખોરીના દુષણને ડામવા પોલીસને કરેલા આદેશ બાદ થોડો સમય સુધી પોલીસે વ્યાજખોરીના ધંધા સામે સઘન કાર્યવાહી હાથ ધરી હતી. હવે રાજયના ડીજીપીએ હિસ્ટ્રીશીટરોની સામે કાયદાનું શસ્ત્ર ઉગામવાનો આદેશ કરતા પોલીસે અપરાધીઓ સામે શુરાતન દેખાડ્યું છે. ઉપરી અધિકારીઓના આદેશ બાદ જ હરકતમાં આવતા ખાખીધારીઓ ધારે તો શહેરમાં અપરાધી તત્ત્વો આખં પણ ઉંચી ન કરી શકે પોલીસે પોતાની શક્તી અને સત્તાનો સાચો ઉપયોગ કરી લુખ્ખાઓને ઝેર કરવા જોઈએ, નિર્દોષ ધંધાર્થીઓના પેટ પર લાત ન મારવી જોઈએ તેવું જાગૃતો જણાવી રહ્યા છે.

### ગળપાદરમાં જુગાર રમતા ૭ ઝડપાયા

ગાંધીધામ : તાલુકાના ગળપાદરમાં બાવળની ઝાડીમાં જુગાર રમતા સાત ખેલીને પોલીસે પકડી પાડી રોકડ રૂા. ૨૦,૧૭૦ જપ્ત કર્યા હતા. ગળપાદરથી બાગેશ્રી સોસાયટી તરફ જવાના માર્ગે બાવળની ઝાડીમાં જુગાર રમતા શૈલેષ સામત લાવડિયા (આહીર), દિલુભા વેલુભા જાડેજા, નવિન ભારૂ મરંડ (આહીર), રાજેશ મ્યાજર વિરડા (આહીર), જુશબ નુરમામદ રાઠોડ, હુશેન સાલેમામદ જુણેજા તથા મહેશ ઉર્ફે વિનીલો મનુ ફફલ (મહેશ્વરી) નામના શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

## શેર માર્કેટમાં બમણા નફાની લાલચ આપી ૭૬ લાખ પડાવનાર આદિપુરનો યુવક પકડાયો



ગાંધીધામ : શેર માર્કેટ, ક્રિપ્ટો કરન્સી, જમીનમાં નાણાંનું રોકાણ કરીને બમણો નફો આપવાની લાલચ આપી ૭૫.૯૨ લાખ રૂપિયા પડાવવાના ગુનામાં નવ મહિનાથી ફરાર આદિપુરના અંતરજાળના ઓમ જયંતીભાઈ પ્રજાપતિની સુરત પોલીસે ધરપકડ કરી છે. સુરત રહેતા ભાવિક જાટકીયાએ ઓમ સામે ૧૮-૦૬-૨૦૨૪ના સુરત શહેર ડીસીબી પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. ૨૦૧૯માં ઓમે તેને શેર બજાર, ક્રિપ્ટો, જમીનમાં રોકાણ કરવાથી બમણો નફો મળશે તેમ કહી રોકાણ રોકાણ કરાવ્યું હતું. જોકે વળતર ન મળતા પૈસા પરત માંગતા આપ્યા ન હતા. માત્ર વાયદા મળ્યા હતા જેથી ફરિયાદ નોંધાવી હતી. જેમાં તપાસના આધારે સહઆરોપી તરીકે ઓમની માસીના દીકરા વિષ્ણુ પ્રજાપતિ, ગોપાલ કાચા અને કિશન વઘાસીયા (બંને સુરત)ની સંડોવણી પણ બહાર આવી હતી. વિષ્ણુ અને ગોપાલ આગોતરા જામીન પર મુક્ત છે. કિશન અંડરગ્રાઉન્ડ છે. ઓમ પ્રજાપતિએ કરેલી આગોતરા જામીન અરજી હાઈકોર્ટે ફગાવી દેતા સુરત પોલીસે તેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## વિખુટા પડેલ બાળકનું લાકડિયા પોલીસે માતા-પિતા સાથે મિલન કરાવ્યું



ભુજ : ભચાઉ ખાતેથી ત્રણ વર્ષનો બાળક અન્ય બસમાં ભુલથી ચડી જતા એસ.ટી બસના કન્ડક્ટર અમીતભાઈને બાળકના રડવાનો અવાજ આવતા તેઓએ આ બાળકને માતા - પિતા અંગે તપાસ કરી હતી પરંતુ વાલી વારસ કોઈ ન મળતાં લાકડીયા પોલીસનો સંપર્ક કરતા પોલીસ ઈન્સ્પેકટર જે.એમ. જાડેજાની સૂચનાથી અલગ-અલગ ટીમો બનાવી તેમજ હ્યુમન સોર્સના આધારે તાત્કાલીક માતા-પિતાને શોધી કાઢયા હતા. અને બાળકને સહી સલામત કબ્જો માતા-પિતાને સોપેલ છે. કામગીરીમાં રાજેશભાઈ રાઠોડ, હકુમતસિંહ જાડેજા, હસમુખભાઈ ચૌધરી, દિપકભાઈ સોલંકી, ધનાભાઈ રબારી, સુનિતાબેન સોલંકી વગેરે પોલીસ કર્મચારીઓ જોડાયા હતા. બાળકને પોતાના પિતા સાથે પોલીસે મિલાપ કરાવ્યું ત્યારે બાળક અને તેના પિતાની આંખમાં આંસુ આવી ગયા હતા.

## જ્યુબિલી હુમલાની ઘટનામાં પોલીસે લોકો પાસે આરોપીઓની માહિતી માંગી



ભુજ : જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે ચાયની હોટલે રાત્રે જુની અદાવતે યુવાનની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ હિચકારી ઘટનાને પગલે કાયદો વ્યવસ્થા જાળવવાના નામે રાત્રે ૧૧ વાગ્યાથી આખું ભુજ બંધ કરાવી દેવાય છે. જોકે, હુમલો કરનારા આરોપીઓ અક્ષયરાજ વાઘેલા, ભાવેશ ગોસ્વામી, સત્યરાજ વાઘેલા અને જુવાનસિંહ સોઢા પોલીસને મળતા નથી જેથી ગત રોજ રવિવારે પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જાહેર જનતાની મદદ માંગવામાં આવી છે. પોલીસની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે એ-ડિવિઝન પોલીસમાં નોંધાયેલા ગુના કામે આરોપીઓ નાસતા-ફરતા છે. જે વ્યક્તિ પાસે તેમની માહિતી હોય તેઓને કન્ટ્રોલ રૂમ નં.૯૮૮૯૮૮૪૨૮૪નો સંપર્ક કરવા જણાવાયું છે.

## સામખિયાળીમાં એસટી બસમાં ડમ્પર ઘૂસી ગયું

ભચાઉ : તાલુકાના સામખિયાળી ખાતે હોટલ શિવસાગરની સામે આવેલા સર્વિસ રોડ પર એસટી બસમાં ડમ્પર ઘૂસી ગયું હતું. ફરિયાદી પાટણના સંગ્રામજી વનાજી ઠાકોરના જણાવ્યા પ્રમાણે ડમ્પર નં.જીજે૧૨-એઝેડ-૪૫૯૯ ના ચાલકે પૂર ઝડપે ગાડી ચલાવી એસટી બસ નં.જીજે૧૮-ઝેડ-૭૦૨૧ મા ભટકાવતા બસમાં નુકશાન થયું હતું. જેથી સામખિયાળીમાં ફરિયાદ નોંધાવાઈ છે.

--------

### ગાંધીધામમાં વધુ બે સ્થળોએથી મોપેડની ઉઠાંતરી

ગાંધીધામ : શહેરમાં સેક્ટર-૧/એ મા આવેલ આર. કે.લાયબ્રેરીની નીચે પાર્ક કરેલી મોપેડ ચોરાઈ ગઈ હતી. ફરિયાદી વિદ્યાર્થી અનુજ રમાકાંત રાઠીના જણાવ્યા પ્રમાણે મોટા ભાઈની સુઝુકી એક્સેસ નં.જીજે૧૨-ડીએસ-૯૩૬૪ કિંમત રૂા.૩૦ હજારવાળી ગાડી પાર્કિંગમાં રાખી હતી જે ૧૧:૩૦થી ૧૩:૩૦ ની અરસામાં ચોરાઈ ગઈ હતી. આ તરફ ઓશિયા મોલની બાજુમાં દ્વારકાધીશ હોટલની સામે રાખેલી સ્પ્લેન્ડર બાઈક નં.જીજે૧૨-ઈસી-૮૩૭૬ કિંમત રૂા.૩૦ હજારવાળી ગાડી ચોરાઈ જતા એ-ડિવિઝન પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

--------

### ભુજના સંત રોહિદાસ નગરમાં મારામારી થઈ

ભુજ : શહેરના સંત રોહિદાસનગરમાં મારામારી થતા ફરિયાદ થઈ હતી. ફરિયાદી અરૂણભાઈ રામજીભાઈ પાયણના જણાવ્યા પ્રમાણે અગાઉના ઝઘડાના મનદુઃખે ઈર્શાદ સાલે સુરંગી, અમન સંઘાર તથા હનીફ સુરંગીએ લોખંડના હાથાવાળુ ચક્કર, લોખંડની પાઈપ વડે માર મારી ઈજાઓ પહોંચાડી જાતિ વિષયક શબ્દો કહી મારી નાખવાની ધમકી અપાતા બી-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.




-------

### જખૌની દરાડવાંઢમાં મહિલાને માર મરાયો

ભુજ : અબડાસા તાલુકાના જખૌ ખાતે આવેલ દરાડવાંઢમાં મહિલાને માર મારવામાં આવ્યો હતો. ફરિયાદી આઈશાબેનના જણાવ્યા પ્રમાણે આરોપી ઈમરાન ઈભલા દરાડે ફરિયાદીને મોઢા પર લાકડીનો ઘા મારતા આંખ નીચે ત્રણ ટાંકા આવ્યા હતા. જેથી સારવાર લીધા બાદ જખૌ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

-----

### આદિપુરમાં ટ્રેક્ટર હડફેટે યુવક ઘવાયો

આદિપુર : આદિપુર-અંતરજાળ રોડ પર નંદનગર પાસે અકસ્માત થયો હતો. સોનાલીકા ડીઆઈ-૩૫ ટ્રેક્ટર નં.જીજે૧૩-એબી-૯૬૦૯ ના ચાલક જોરૂભાઈ ભરવાડે પોતાનું વાહન પુરઝડપે ચલાવી ફરિયાદી ભરતભાઈ આલાભાઈ પરમારના દીકરાને ટક્કર મારતા જમણા પગે ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને ચાલક ભાગી ગયો હતો. જેથી આદિપુર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી.


## વિજયરાજજી પુસ્તકાલય તથા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સેમિનાર



ભુજ : કચ્છના ઈતિહાસને આ લેખતી ગુણવંતરાયભાઈ આચાર્યની નવલકથાઓ પૂરતા આધારો સાથે લખાયેલ છે. એમણે બ્રિટિશ અહેવાલોનો પણ પૂરતો અભ્યાસ કર્યો હતો. દરિયાઈ કથાઓ લખવાની પ્રેરણા માંડવીના મુગટરાયે આપી હતી. મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય ખાતે પુસ્તકાલય તથા ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના ઉપક્રમે જાણીતા સર્જક ઈતિહાસકાર, સંશોધક અને લેખક ગુણવંતરાય આચાર્યના સર્જન તથા સંશોધન પરત્વે યોજાયેલા પરિસંવાદને સંબોધતાં સેમિનારના વક્તાઓએ આવો સૂર વ્યકત કર્યો હતો. સેમિનારમાં જાણીતા લેખક, ચિંતક અને કેળવણીકાર હરેશભાઈ ધોળકિયાએ પોતાના વિચારો રજુ કર્યા હતા. દરિયાઈ કથાઓ અંગે નવોદિત સર્જક અને સંશોધક ઝીલ ડાભીએ પોતાનું વકતવ્ય આપ્યું હતું. ગુણવંતરાયભાઈના સંશોધન તથા સમગ્ર સર્જન અંગે વાત કરતાં હરેશભાઈએ શ્રી આચાર્યે પોતાના સંશોધન તથા લેખન દ્વારા સાહિત્ય જગતને સાગર કથાઓ, સમ્રાટ કથાઓ, ટૂંકીવાર્તા, જાસૂસી કથા અને નાટકો પણ આપ્યાં છે.

વિજયરાજજી પુસ્તકાલયના પ્રમુખ ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાયે આવકાર પ્રવચનમાં પુસ્તકાલયની પ્રવૃતિઓની વિગત આપવાની સાથે આગામી દિવસોમાં લલીતકળાઓને પ્રદર્શિત કરતા કાર્યોક્રમો તથા આવનારા દિવસોમાં ખાસ મહિલાઓ માટેના વિશેષ કાર્યક્રમનું આયોજન કરાઈ રહ્યું હોવાનું જણાવતાં પોતાના અભ્યાસકાળથી જ ગુણવંતરાયભાઈના પોતે પ્રસંશક હોવાનું કહ્યું હતું. ગુણવંતરાયભાઈના પુત્રી અને ગુજરાતી સાહિત્ય જગતના સમર્થ સર્જકો વર્ષાબહેન અડાલજા તથા ઈલાબહેન મહેતાએ કચ્છ આજે પણ ગુણવંતરાયભાઈને યાદ કરે છે, એનો આનંદ વ્યક્ત કરતા સંદેશ પાઠવ્યા હતા, જેનું વાચન કાર્યક્રમના આયોજક અને પુસ્તકાલયના મંત્રી નરેશ અંતાણીએ કર્યુ હતું. અગ્રણીઓ જોરાવરસિંહ રાઠોડ, અજિતભાઈ માનસતાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. વકતાઓ તથા મહેમાનોનો પરિચય પુસ્તકાલયના કારોબારી સભ્ય મનન ઠકકરે આપ્યો હતો. સંચાલન પુસ્તકાલયના ઉપપ્રમુખ સંજય ઠાકરે અને આભારવિધિ જાગૃતિ વકીલે કરી હતી. દિનેશભાઈ મહેતા, ઝવેરીલાલ સોનેજી, રેશમાબહેન ઝવેરી મહેમાનો તથા વકતાઓના સન્માનમાં જોડાયા હતા. આ અવસરે ભુજમાં રહેતા ગુણવંતરાભાઈ આચાર્યના પરિવારજન બિમલ આચાર્ય, રમિલાબહેન મહેતા, નવીનભાઈ વ્યાસ, પબુભાઈ ગઢવી, ગૌતમ જોષી, મહેન્દ્ર જોષી, મધુકરભાઈ ઠકકર, દલપતભાઈ દાણીધારીયા, જગદિશભાઈ મહેતા, કમલાબહેન ઠકકર, નટુભાઈ વ્યાસ, રાજેશભાઈ ઠકકર, નિતીનભાઈ પંડયા, નિતીનભાઈ પાંધી, નવીન મહેતા, અશોકભાઈ માંડલીયા સહિત રસિકો હાજર રહ્યા હતા.

## નાના કપાયામાં સાયબર ક્રાઈમ વિશે લોક જાગૃત્તિ સેમિનાર યોજાયો



મુન્દ્રા : તાલુકાના નાના કપાયા શાંતિવન કોલોની ખાતે સાયબર ક્રાઈમ અને સાયબર સિક્યુરિટી વિશે લોક જાગૃત્તિ સેમિનાર યોજાયો હતો. એલસીબી પીઆઈ એસ.એન. ચૂડાસમાના માર્ગદર્શનમાં પીએસઆઈ એચ.જી.દેવમણી અને કોન્સ્ટેબલ કલ્પેશકુમાર ચૌધરી તથા મુન્દ્રા પોલીસના પીઆઈ આર.જે.ઠુમર અને મુન્દ્રા પોલીસના સ્ટાફની હાજરીમાં નાના કપાયા ખાતે આયોજિત લોક જાગૃત્તિ સેમિનારમાં સાયબર ક્રાઈમ શું છે ? કેવી રીતે થાય છે ? ડિજિટલ ફૂટપ્રિન્ટ શું છે ? સાયબર સિક્યુરિટી અને સાયબર સેફટી સાથે સાયબર ક્રાઈમથી બચવા કઈ સાવધાની રાખવી અને કઈ જગ્યાએ ફરિયાદ લખાવી તે સહિતની માહિતી આપવામાં આવી હતી.

## વોટ્સએપમાં મળેલી માહિતીના આધારે પોલીસે સોમાણીવાંઢમાં બંદૂક શોધી



રાપર : પૂર્વ કચ્છ પોલીસ દ્વારા તાજેતરમાં વોટ્સએપ નં.૯૦૯૯૦ ૫૧૧૧૦ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં હથિયાર સાથેના ફોટા વીડિયો મોકલવા માટે ઈજન અપાયું હતું. એક જાગૃત નાગરિક દ્વારા તેમાં અપાયેલી માહિતીના આધારે કંટ્રોલ રૂમ દ્વારા ગાગોદર પોલીસને સૂચના અપાઈ હતી. જેથી પોલીસે તપાસ કરીને સોમાણીવાંઢના દેવશીભાઈ કબીરભાઈ કોલીને ૨૫૦૦ દેશી બંદૂક સાથે ઝડપી લીધો હતો.

## નિંગાળના આશાસ્પદ યુવાનોના માર્ગ અકસ્માતમાં મોત થતાં આહિર સમાજમાં શોક ફેલાયો

### સમાજના રાજકીય - સામાજિક અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ અર્પી

અંજાર : કચ્છમાં માર્ગ અકસ્માતોની ઘટના વધી રહી છે તેવામાં શુક્રવારે અંજાર - સાપેડા ધોરી માર્ગ પર સર્જાયેલ અકસ્માતમાં બાઈક પર જતા બે આશાસ્પદ યુવાનોના મોત થયા હતા. એક જ પરિવારના બે યુવાનના મોત થતાં આહિર સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. અંજાર તાલુકાના નિંગાળ ગામના શ્યામ અને પરાસર બરારિયાના આ બનાવમાં કરૂણ મોત થયા હતા.

બનાવને પગલે સમાજના રાજકીય - સામાજિક અગ્રણીઓએ સદગતના પરિવારને સાંત્વના આપી હતી. અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, પૂર્વ રાજયમંત્રી વાસણભાઈ આહિર, પૂર્વ ધારાસભ્ય શિવજીભાઈ આહિર, કચ્છ - પાટણ આહિર સમાજના પ્રમુખ તેજાભાઈ કાનગડ, સમાજના અગ્રણીઓ વલમજીભાઈ હુંબલ, સામજીભાઈ કાનગડ, બાબુભાઈ ભીમાભાઈ હુંબલ વગેરેએ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.

## વાયોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ૨૪ કલાક મંજુરી આપો

ભુજ : અબડાસા તાલુકાના ગરડા પંથક વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ, રોજગાર, ખેતી, પાણી, પશુધન તેમજ ઘણા બધા પ્રશ્નો છે, પરંતુ હાલમાં ખાસ કરીને આરોગ્ય વિશે મોટો પ્રશ્ન છે.

વાયોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૭ પેટા કેન્દ્ર આવે છે, વાયોર ૧/૨, ફુલાય, મોટી બેર, ગોયલા, છસરા, રામપરની અંદર ૪૪ ગામડા આવે છે જેવા કે વાયોર પધરવાડી, ઉકીર, વાગોઠ, ફુલાય, વાઘાપધર, ભોઆ, સારંગવાડા, ચરોપડી મોટી નાની, કરમટા, અકરી મોટી, બેર મોટી નાની, વલસરા, ઐડા, જગડીયા, બુટા, રામપર, વડસર, કેરવાઢ, કોષા, છસરા, લૈયારી, સુખપર, ભારાવાંઢ, મધરાવાંઢ, કરમટા, થુમડી, રામવાડા, નવાવાસ, વાલાવારીવાંઢ, ભગોડીવાંઢ, રોહારો, હોથીયાય, ગોલાય, સાંઘી કંપની, અદાણી કંપની એબીજી કંપની, અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની, સુઝલોન ખારઈ બાપા દયાળુ નગર જેવા ૪૪ ગામો આવે છે. વાયોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જે કાર્યરત છે તે ૮ કલાક સુધી જાહેર રજાઓને બાદ કરતા દવાખાનું કાર્યરત રહે છે૪ એમા ૮ કલાક માટે સ્ટાફ છે. મીડવાઈફની જગ્યા ભરેલી છે ડોકટર પણ છે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ૮ કલાકને બદલે ૨૪ કલાક સતત ૩૬૫ દિવસ સુધી કાર્યરત હોવું જોઈએ તે નથી એવું આ ગરડા પંથક વિસ્તારના તમામ ગામોના લોકોમાં ચર્ચા થઈ છે. સરપંચ જાડેજા પ્રભાતસિંહ સતુભાએ ઉચ્ચતર અધિકારીઓ, કર્મચારીઓ અને પદાધિકારીઓને વારંવાર લેખિક આધારો સાથે પત્રવ્યવહાર કરેલ છે જેનુ આજ સુધી પ્રત્યુતર સંતોષકારક મળેલ નથી. સરપંચે વાયોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સીએચસી તરીકે તબદીલ કરવા પણ લેખિતમાં રજૂઆત કરી છે.

### સુરજબારી પાસે સાઈડ આપવા મુદ્દે ડખ્ખો થયો

ગાંધીધામ : જિલ્લાના પ્રવેશદ્વાર સમાન સૂરજબારી નજીક ટ્રેઈલરચાલકને બે શખ્સે રોકાવી સાઈડ આપવા મુદ્દે તેના ઉપર હુમલો કર્યો હતો. મુંદરાની દેવાંશી ટ્રાન્સપોર્ટમાં કામ કરનાર ફરિયાદી પ્રવીણસિંહ નારાયણસિંહ રાઠોડ ગત તા. ૨૧/૩ના ગાંધીધામથી મોરબી જવા નીકળ્યો ત્યારે પાછળથી ઈકો ગાડી આવી તેને રોકાવ્યો હતો, જેમાંથી ઊતરેલા બે શખ્સ લોખંડના પાઈપ સાથે ટ્રેઈલરની કેબિનમાં ઘૂસી ગયા હતા અને સાઈડ આપવા બાબતે ફરિયાદી સાથે ઝઘડો કરી તેના ઉપર પાઈપ થી હુમલો કર્યો હતો. ઘવાયેલા યુવાનને સારવાર માટે જી.કે. ખસેડાયો હતો.

## નિરોણામાં પોલીસે બંદૂકની સાથે દારૂગોળો અને છરા શોધ્યા

### સ્થાનિક પોલીસે ગામના બે શખ્સોને ઝડપી લીધા

ભુજ : નિરોણા પોલીસ સ્ટેશનની હદમાં શિકારી પ્રવૃત્તિ બેફામ છે. અહીં વનવિભાગ સાવ નિષ્ક્રિય સાબિત થયું છે. અવાર-નવાર વનવિભાગ દ્વારા શિકારીઓને પકડી લેવા સાથે શિકારી પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવાતી બંદૂકો પણ કબજે લેવામાં આવતી હોય છે ત્યારે બાતમીના આધારે પોલીસે વધુ એક કાર્યવાહી કરી છે.

નિરોણા સીમ વિસ્તારમાં આરોપી સલેમાન ઉર્ફે સલીમ અલાના ખલીફાના ખેતરમાં બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. જેમાં સલીમ હાથ બનાવટની એક હજાર રૂપિયાની દેશી બંદૂક સાથે મળી આવ્યો હતો, જ્યારે નિરોણાના સોયબ હુશેન રેલડિયાના કબજાની થેલીમાં દારૂગળો, છરા સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. નિરોણા પોલીસે બન્નેની ધરપકડ કરી આર્મ્સ એક્ટ પ્રમાણે ગુનો દાખલ કરી પીએસઆઈ એચ.સી. પરમારે આગળની તપાસ હાથ ધરી છે. બન્નેનો ઈરાદો શું હતો તે દિશામાં પણ તપાસ હાથ ધરાઈ છે.



ગત રાત્રેના ૧૦ વાગ્યે ભાનુશાલીનગર મહિન્દ્રા શોરૂમની સામેની સાઈડમાં આવેલ શ્યામ ઈલેક્ટ્રિકલમાં કોઈ કારણોસર આગ લાગી હતી. આગ લાગવાના કારણે આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ લાગી હોવાની જાણ થતા તાત્કાલિક ટીમ ઘટના સ્થળે પહોંચીને આગને બૂઝાવી હતી. કામગીરીમાં વિશાલ ગઢવી, રવિરાજ ગઢવી, પ્રતીક મકવાણા, રમેશ ગાગલ, વાઘજી રબારી, પ્રભુલાલ પોમલ જોડાયા હતા.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# સમગ્ર દેશને પંચાયતી રાજ આપનાર ગુજરાત ટોપ-૫ રાજ્યોમાં પણ નહીં, કેન્દ્રએ પોલ ખોલી

નવીદિલ્હી : કેન્દ્ર સરકારે જાહેર કરેલાં પંચાયતી રાજ-૨૦૨૪ના અહેવાલમાં ગુજરાતમાં ભાજપના રાજમાં પંચાયતી રાજની હકીકત ખુલ્લી પડી છે. કહેવાતા વિકાસ અને માત્ર પ્રચાર પાછળનું સત્ય સામે આવી ગયું છે. "ડિવોલ્યુશન ઈન્ડેક્સ ૨૦૨૪'માં ગુજરાતની કામગીરી રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછી છે. દેશને પંચાયતીરાજ આપનાર ગુજરાત ટોચનાં પાંચ રાજ્યોમાં સ્થાન મેળવી શક્યું નથી. નોંધનીય છે કે, ૭ હજાર પંચાયતોમાં ૨ વર્ષ સુધી ચૂંટણી ન યોજી વહીવટદારો નિમવામાં આવ્યા હતાં. આ જ દર્શાવે કે, ભાજપ સરકાર પંચાયતરાજ થકી છેવાડાના લોકોને સત્તા હાથમાં આપવામાં કેટલી ગંભીર છે.

કેન્દ્રના અહેવાલ મુજબ, ગુજરાતમાં સ્થાનિક સંસ્થાઓને સ્વાયત્તતા ઓછી છે, જે અસરકારક શાસનને અવરોધ બની રહે છે. ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓને અભાવના કારણે ગુજરાત આરોગ્ય સેવા વિતરણમાં પણ નબળું પ્રદર્શન દર્શાવે છે. ગુજરાતમાં ડૉક્ટર-પેશન્ટ રેશિયો હજુ પણ રાષ્ટ્રીય સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે ઓછો છે. પરિણામે ગુજરાતની આરોગ્ય વ્યવસ્થા કેરળ અને તમિળનાડુ જેવી રાજ્યોની તુલનામાં પછાત છે.પંચાયતી રાજ અહેવાલ ૨૦૨૪ અનુસાર, સરકારી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. ગામડામાં ડ્રોપ આઉટ દર વધુ છે. શાળાની માળખાકીય સુવિધાઓ અને શિક્ષકોની ઉપલબ્ધતા બાબતે ગુજરાત, કર્ણાટક અને મહારાષ્ટ્ર કરતાં પાછળ રહ્યું છે. વિકાસના દાવાઓ કરવામાં આવી રહ્યાં છે ત્યારે ગુજરાતમાં બેરોજગારી દર સતત વધી રહ્યો છે. ડિવોલ્યુશન ઈન્ડેક્સ ૨૦૨૪ દર્શાવે છે કે, ગુજરાત રોજગાર સર્જન યોજનાઓમાં પણ પછાત રહ્યું છે. સરકારની નીતિઓ બેરોજગારો માટે ફાયદાકારક સાબિત થઈ શકી નથી. રાજસ્થાન અને તેલંગાણાની સરખામણીમાં, ગુજરાતની રોજગાર યોજનાઓ ઓછી અસરકારક છે. ગુજરાત પંચાયતી રાજની સંસ્થાઓ માટે નાણાંકીય સ્વાયત્તતાના મામલે છેલ્લા સ્થાને છે. આર્થિક પ્રદર્શનમાં યૂનિયન ફાઈનાન્સ કમિશન ગ્રાન્ટ્સમાં ૫૫.૧ સ્કોર જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે. રાજ્ય ફાઈનાન્સ કમિશન ફાળવણી મુદ્દે ૫૦.૦૩ જ સ્કોર જેમાં ગુજરાત કર્ણાટક અને મહારાષ્ટ્ર કરતાં પાછળ છે. ગુજરાત રાજ્ય ફંડ ઉપલબ્ધતા ૩૫.૭ અને ખર્ચ ૩૩.૩ સ્કોર જ મેળવ્યો છે. સોશિયલ ઓડિટ અને પારદર્શિતામાં ગુજરાતે ૩૧.૦૭ સ્કોર મેળવ્યો છે.

ભાજપ સરકારના રાજમાં પંચાયતી રાજની કથળતી હાલત અંગે કોંગ્રેસના પ્રવક્તાએ આકરા પ્રહારો કરતા કહ્યું કે, રાજ્યની ભાજપ સરકાર મહત્ત્વના મુદ્દાઓ જેવા કે શિક્ષણ, આરોગ્ય, સ્થાનિક રોજગારી આપવામાં સદંતર નિષ્ફળ નીવડી છે, ત્યારે ગુજરાત સરકારને લોકોને ભ્રમિત કરવાને બદલે હકીકતમાં કામગીરી કરવી જોઈએ.

## ઈરફાન પઠાણની IPL કોમેન્ટ્રી પેનલમાંથી કેમ હકાલપટ્ટી થઇ?

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી ઈરફાન પઠાણ કોમેન્ટ્રીમાં સતત એક્ટિવ જોવા મળ્યો છે. તે આંતરરાષ્ટ્રીય મેચ તેમજ IPLમાં પણ ઘણી વખત કોમેન્ટ્રી કરતો જોવા મળ્યો હતો. જોકે આ વખતે જ્યારે IPL માટે કોમેન્ટેટર્સની યાદી બહાર પાડવામાં આવી ત્યારે તેમાં ઈરફાન પઠાણનું નામ ગાયબ હતું. આ અંગે એક મોટો ખુલાસો થયો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ઈરફાન પઠાણને કેટલાક ભારતીય ખેલાડીઓ વિરુદ્ધ સતત ટિપ્પણી કરવાને કારણે દંડિત કરવામાં આવ્યો છે. ઘણા ખેલાડીઓએ ફરિયાદ કરી હતી કે ઈરફાન જાણી જોઈને તેમના વિશે વ્યક્તિગત ટિપ્પણીઓ કરી રહ્યો છે. છેલ્લા ૨ વર્ષથી એવું થઈ રહ્યું છે કે જાણે પઠાણ કેટલાક ખેલાડીઓ સામે વ્યક્તિગત એજન્ડા ચલાવી રહ્યો હોય. ઘણા ક્રિકેટરોને આ ગમ્યું નહીં.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઓસ્ટ્રેલિયાની શ્રેણી દરમિયાન એક સ્ટાર ખેલાડીએ પોતાના વિશે જે રીતે વાત થઈ રહી હતી તે સાંભળીને ઈરફાન પઠાણનો નંબર પણ બ્લોક કરી દીધો હતો. એક સૂત્રએ જણાવ્યું હતું કે પઠાણે છેલ્લા આંતરરાષ્ટ્રીય અને ~ મેચો દરમિયાન કેટલાક ખેલાડીઓના ઈન્ટરવ્યુ લેતી વખતે ઘણું ઉદ્ધત વલણ દર્શાવ્યું હતું અને મ્ઝ્ઝૈં ને આ ગમ્યું ન હતું. સૂત્રોએ ખુલાસો કર્યો હતો કે જો ઈરફાને આમ ન કર્યું હોત, તો તેનું નામ ચોક્કસપણે કોમેન્ટેટરની યાદીમાં સામેલ થયું હોત. છેલ્લા બે વર્ષથી આવું થઈ રહ્યું છે કારણ કે તે કેટલાક ખેલાડીઓ સામે પોતાનો અંગત એજન્ડા આગળ ધપાવી રહ્યો હતો અને અધિકારીઓને આ ગમ્યું નહીં. ઉલ્લેખનીય છે કે ઈરફાન પઠાણ અગાઉ પણ ઘણા દિગ્ગજો સાથે આવી ઘટના બની છે જેમાં સંજય માંજરેકર અને હર્ષા ભોગલેના નામ પણ સામેલ છે. ૨૦૨૦ માં દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી પહેલા માંજરેકરને કોમેન્ટ્રી પેનલમાંથી હટાવી દેવાયો હતો. જ્યારે ~ ૨૦૧૬ પહેલા હર્ષા ભોગલે સાથે પણ આવું જ બન્યું હતું. ભોગલેને કોઈ પણ સમજૂતી વિના કોમેન્ટ્રી રોસ્ટરમાંથી દૂર કરવામાં આવ્યા હતા.-

## મુસ્લીમોને અનામત બાબતે રાજયસભામાં હંગામો : કાર્યવાહી સ્થગિત

નવી દીલ્હી : સંસદની ચાલી રહેલી કાર્યવાહીમાં આજ રોજ રાજયસભામાં કર્ણાટકના સરકારી ટેન્ડરમાં મુસ્લીમ કોન્ટ્રાકટરને જે ચાર ટકા અનામત આપવામાં આવશે તેને લઈને હોબાળો થવા પામ્યો છે. ભાજપ દ્વારા કોંગ્રેસની નીતી પર સવાલો ઉભા કરવામા અવ્યા છે. કોંગ્રેસ કેમ સંવિધાન બદલવા માંગે છે? બંધારણમાં ધર્મના આધારે અનામત નહી થાય તેમ કહી અને જે પી નડ્ડાએ કોંગ્રેસની નીતી પર સવાલો ખડા કર્યા હતા. આ વિષય પર હોબાળો વધી જતા રાજયસભાની કાર્યવાહી ખોરવાઈ જવા પામી હતી.

## નાગપુર હિંસાના માસ્ટરમાઈન્ડના ઘરે ચાલ્યું બુલડૌજર



નાગપુર : નાગપુરમાં ગત અઠવાડિયે ભડકેલી હિંસામાં એક ડઝનથી વધુ પોલીસ કર્મી ઘાયલ થયા હતા. આ દરમિયાન મોટી સંખ્યામાં રસ્તા પર ઉભી રહેલી ગાડીઓને આગના હવાલે કરવામાં આવી હતી જ્યારે દુકાનો પર પણ તોડફોડ કરવામાં આવી હતી. પોલીસનું કહેવું છે કે આ હિંસાનો માસ્ટરમાઈન્ડ ફહીમ ખાન નામનો શખ્સ હતો જેના ઘર પર બુલડોઝર ફેરવવામાં આવ્યું છે.

નાગપુર મહાનગરપાલિકાની ટીમ બુલડોઝર લઈને ફહીમ ખાનના ઘરે પહોંચી હતી. આ દરમિયાન મોટી સંખ્યામાં સુરક્ષાકર્મીઓ પણ તૈનાત કરવામાં આવ્યા હતા. ફહીમ ખાન બુરખાનો વેપારી છે. માનવામાં આવે છે કે તેને કેટલાક વીડિયો જાહેર કર્યા હતા જેમાં તેને ઉત્તેજક નિવેદન આપ્યા હતા જેનાથી લોકો ભડકી ગયા હતા. ફહીમ ખાનની મંગળવારે પોલીસે ધરપકડ કરી હતી અને તેને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો.

ફહીમ ખાન સહિત કૂલ ૬ લોકો વિરૂદ્ધ પોલીસે દેશદ્રોહનો કેસ નોંધ્યો હતો. ફહીમ ખાન માઈનોરોટી ડેમોક્રેટિક પાર્ટીના નામના પક્ષનો શહેર પ્રમુખ રહ્યો છે. તે કેટલીક વખત પોલીસને લઈને પણ આપત્તિજનક ટિપ્પણી કરતો રહ્યો છે. તંત્રએ ફહીમ ખાનના તે ઘરના તે ભાગને તોડી પાડ્યું છે જે ગેરકાયદેસર દબાણ કરીને બનાવવામાં આવ્યું હતું. નાગપુર મહેલ વિસ્તારમાં આ હિંસા થઈ હતી જ્યાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું કાર્યાલય પણ છે. RSSનું કાર્યાલય હિંસા ધરાવતા વિસ્તારથી થોડા અંતર પર જ છે.નાગપુર મહાનગરપાલિકાએ કેટલાક દિવસ પહેલા ફહીમ ખાનના પરિવારને નોટિસ મોકલી હતી જેમાં પાલિકાએ જણાવ્યું હતું કે કેવી રીતે તેનું ઘર નિયમોનું ઉલ્લંઘન કરીને બનાવવામાં આવ્યું છે. ઘર બનાવ્યા પહેલા ઓથોરિટી પાસે નકશો પણ પાસ કરાવ્યો નહતો. નાગપુરના યશોધરા નગર સ્થિત સંજય બાગ કોલોનીમાં ફહીમ ખાનનું ઘર છે. મહત્ત્વપૂર્ણ છે કે ફહીમ ખાન જેલમાં બંધ છે અને તંત્રએ તેના ઘર પર બુલડોઝર ચલાવ્યું છે.

## રિયલ એસ્ટેટમાં મંદી : મકાનોનું વેંચાણ ૨૩ ટકા ઘટયું

### હાઉસિંગ માર્કેટમાં ત્રણ વર્ષની રેકોર્ડબ્રેક સપ્લાયનાં કારણે કેટલુંક 'કરેકશન' જોવા મળી રહ્યું છે.

મુંબઈ : હાઉસીંગ માર્કેટમાં ત્રણ વર્ષના રેકોર્ડ બ્રેક પુરવઠા બાદ કેટલાંક કરેકશન જોવા મળી રહ્યા છે. જેના કારણે વેંચાણમાં પણ ઘટાડાનું વલણ છે.ઉંચી કિંમત અને આર્થિક વૃધ્ધિને લઈને ચિંતાના કારણે ચાલૂ કેલેન્ડર વર્ષની પહેલી (જાન્યુઆરી-માર્ચ)ત્રિમાસીકમાં દેશના મુખય ૯ શહેરોમાં ઘરોનું વેચાણ ૨૩ ટકા ઘટીને ૧.૦૬ લાખ એકમ રહેવાનું અનુમાન છે. રિયલ એસ્ટેટ ડેટા વિશ્લેષણ પોતાની પ્રોપઈકીવી તરફથી રવિવારે જાહેર આંકડાથી આ માહિતી મળી છે. આંકડા અનુસાર ચાલૂ કેલેન્ડર વર્ષની પ્રથમ ત્રિમાસીકમાં ઘરોનું વેંચાણ ગત વર્ષનાં આ સમય ગાળાનાં ૧,૩૩,૭૦૨ એકમથી ઘટીને ૧,૦૫,૭૯૧ એક (નંગ)રહેવાનું અનુમાન છે. ૯ મુખ્ય શહેરોમાં આજ દિલ્હી એનસીઆર અને બેગ્લુરૂમાં આ ત્રિમાસીકમાં વેંચાણમાં વૃધ્ધિ જોવા મળી શકે છે. પ્રોપઈકિવટીનાં સંસ્થાપક અને સીઈઓ સમીર જસુજાએ કહ્યું હતું કે કેટલાંક કરેકશન જોવા મળી રહ્યા છે જેના કારણે વેચાણમાં પણ ઘટાડાનું વલણ છે.ચાલુ ત્રિમાસીકમાં આવાસીય સંપતિઓની નવી સપ્લાય ૩૪ ટકા ઘટીને ૮૦૭૭૪ એકમ રહેવાનું અનુમાન છે. મુંબઈમાં ઘરોનું વેંચાણ ૧૬૨૦૪ યુનિટથી ૩૬ ટકા ઘટીને ૧૦૪૩૨ યુનિટ આવી જવાનું અનુમાન છે.નવી મુંબઈમાં પણ તેની ૭૨૧૮ એકમથી ૭ ટકા ઘટીને ૮૫૫૧ રહેવાની સંભાવના છે. આંકડા અનુસાર જાન્યુઆરી-માર્ચ ૨૦૨૫ માં બેંગ્લુરૂમાં ઘરોનું વેંચાણ ૧૦ ટકા વધીને ૧૮૫૦૮ માંગ રહેવાની સંભાવના છે. જે એક વર્ષ પહેલાની ત્રિમાસીક ૧૬૭૬૮ યુનિટ હતી. દિલ્હી એનસીઆરમાં પણ વેંચાણમાં પણ ૧૦ ટકાના વધારાની સાથે ૧૦૨૩૫ થી વધીને ૧૧,૨૨૧ ઘટ્ટ થવાના વેંચાણ થવા પર આશા છે.

## ભાજપને ગોપાલ ઈટાલીયાનો પડકાર

ગાંધીનગર : વિસાવદર બેઠક પરથી આમઆદમી પાર્ટીએ ગોપાલ ઈટાલીયાને તેમના ઉમેદવાર જાહેર કર્યા છે ત્યારે આજ રોજ પ્રેસ યોજી અને ગોપાલ ઈટાલીયાએ કહ્યુ હતુ કે, લોકોને ખરીદીને ખેડુતોને દબાવે છે ભાજપ. મને ખરીદી બતાવે ભાજપ. વિસાવદરમાં ખેડુતોને અન્યાય થવા પામ રહ્યો છે. અહી ખેડુતોના પ્રશ્નો ઉઠાવવાનો આપનો દાવો. અમે મકકમથી ખેડુતોના પ્રશ્નો ઉઠાવીશું.

## પશ્ચિમ બંગાળના ભાજપ પૂર્વ અધ્યક્ષ મહિલા દેખાવકારો પર ભડકયા : ગળુ દબાવી દેવાની ધમકી

ખડગપુર(પશ્ચિમ બંગાળ) : પશ્ચિમ બંગાળના ભાજપના પૂર્વ અધ્યક્ષ દિલીપ ઘોષે એક મહિલા પ્રદર્શનકારીનું ગળું દબાવી દેવાની ધમકી આપી છે. તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો ખડગપુરનો છે. વીડિયો વાઈરલ થયા બાદ TMCએ તેની ટિકા કરી છે. આ ઘટના શુક્રવારની છે, જ્યારે દિલીપ ઘોષ ખડગપુરમાં એક રસ્તાનું ઉદ્ઘાટન કરવા માટે ગયા હતા. આ દરમિયાન કેટલીક મહિલાઓએ તેનો વિરોધ કર્યો. મહિલાઓએ એક સાંસદ તરીકે વિસ્તારમાં સક્રીય ન હોવાના કારણે વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, જ્યારે તેઓ સાંસદ હતા ત્યારે પોતાના ક્ષેત્રમાં ક્યારેય નહોતા આવતા. તેના પર ભાજપ નેતા દિલીપ ઘોષ ભડકી ગયા. મામલો ત્યારે વધુ વણસી ગયો જ્યારે ઘોષે કહ્યું કે, 'હું તમારી ૧૪ પેઢીઓનું પાલન-પોષણ કરી લઈશ. હું તમારું ગળું દબાવી દઈશ.' આટલું જ નહીં ઘોષે મહિલા પ્રદર્શનકારીઓને તૃણમૂલના કૂતરા પણ કહ્યા. હવે આ વિવાદ બાદ વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો છે. ત્યારબાદ ખડગપુર ટાઉન પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને દરમિયાનગીરી કરી હતી.

## રાજસ્થાનમાં પોટેશીયમનો ખજાનો મળ્યો

નવી દિલ્હી :રાજસ્થાનના પાંચ જિલ્લામાંથી પોટૅશિયમની ખાણ મળી આવતાં રાજ્યની કિસ્મત ચમકી ગઈ છે. આમ તો પોટાશનો મોટા ભાગે ઉપયોગ ખાતરોમાં થાય છે અને ભારત એની આયાત કરે છે. જોકે હવે કેન્દ્ર સરકારે રાજસ્થાનમાં પોટાશનું ખાણકામ કરવા માટે મે મહિનામાં હરાજી કરવાની તૈયારી કરી લીધી છે. રાજસ્થાનના શ્રીગંગાનગર, હનુમાનગઢ, બિકાનેર, ચુરુ અને નાગૌરમાં પોટાશની ખાણો મળી આવી છે.આ ભારતની પ્રથમ પોટાશ ખાણ હશે. ભારતમાં અત્યાર સુધી ક્યાંય પણ પોટાશની ખાણ મળી નહોતી; એથી આપણે કૅનેડા, રશિયા અને તુર્કમેનિસ્તાનથી પોટાશ આયાત કરાવતા હતા.મળી આવેલી પાંચ ખાણમાં આશરે ૨૪૭૬.૫૮ મિલ્યન ટન પોટાશ છે. પોટાશ મુખ્યત્વે છોડના સ્વસ્થ વિકાસ અને પાકની ગુણવત્તાને પ્રોત્સાહન આપવા માટે ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે; પરંતુ એનો ઉપયોગ કાચના ઉત્પાદન, સાબુ-ડિટર્જન્ટ ઉત્પાદન અને પાણી શુદ્ધીકરણમાં પણ થાય છે.

## મોહમ્મદ યુનુસે PM મોદીને મળવા એપોઈન્ટમેન્ટ માગી, ભારતે ન આપ્યો ભાવ

નવીદિલ્હી : વિદેશમંત્રી એસ.જયશંકરે કહ્યું કે, બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. બાંગ્લાદેશે બંને નેતાઓની મુલાકાત કરાવવા માટે ભારતને વિનંતી કરી છે.

જયશંકરે સંસદીય સમિતિની બેઠકમાં કહ્યું કે, 'BIMSTEC સમિટમાં પીએમ મોદી અને મોહમ્મદ યુનુસ વચ્ચે બેઠક યોજવા વિનંતી મળતા વિચારણા કરવામાં આવી રહી છે.' આ વર્ષે સંસદીય સલાહકાર સમિતિની પ્રથમ બેઠક યોજાઈ છે, જેમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચાર પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. હેઠક સમિતિના સભ્યોએ પૂછ્યું છે કે, હિન્દુઓ પર અત્યાચાર મામલે ભારતે શું પગલા ભરી રહી છે? આના જવાબમાં જયશંકરે કહ્યું કે, 'બાંગ્લાદેશની વચગાળાની સરકારે ઢાકામાં દાવો કર્યો છે કે, હિન્દુઓ પર થતા હુમલા રાજકીય પ્રેરિત હતા.

વિદેશમંત્રીએ કહ્યું કે, 'પાકિસ્તાનના વલણના કારણે એશિયન પ્રાદેશિક સહકાર સંગઠન નિષ્ક્રિ છે.



(અન્ડર ૧૦ આર્ચરી) નેશનલ આર્ચરી કોમ્પીટેશન ની અંદર વિજયવાડા (આંધ્ર પ્રદેશ) ગુજરાતમાંથી માત્ર એક જ ચિ.પ્રયાગ દીક્ષિત ખોખાણી (માધાપર તા.ભુજ)ભાગ લીધેલ, ૩૬૦ માથી ૨૮૪ માર્ક મેળવ્યા, આવી રીતે માધાપર (કચ્છ ભુજ) નું તેમજ એમ.એસ.વી હાઈસ્કૂલ .માધાપર ડી.એલ.એસ.એસ. નું અને ગુજરાત રાજ્ય નું નામ રોશન કરેલ છે શ્રી પાટ હનુમાન મંદિર સમિતિ માધાપર સ્પોર્ટ્સ,માધાપર સ્પોર્ટ્સ મહિલા મંડળ, તેમજ લાયન્સ ક્લબ ઓફ માધાપર ઓનેસ્ટ ના સભ્યો દ્વારા ચિ. પ્રયાગને ખૂબ ખૂબ અભિનંદન સાથે આગળ પ્રગતિ કરે તેવા આશીર્વાદ પાઠવે છે.

## ગાંધીધામ અગ્રવાલ મહિલા સંગઠનના ઉપક્રમે હરિયાળી ત્રીજ ઉજવાશે

### ગણગૌરની પરંપરા ઉજવણી અંતર્ગત ડાન્સ, મહેંદી સહિતની હરિફાઈઓ અને રમતગમતના કાર્યક્રમો યોજાશે

ગાંધીધામ : આગામી તા. ૨૮મી માર્ચના ગાંધીધામ અગ્રવાલ મહિલા સંગઠનના ઉપક્રમે હરિયાળી ત્રીજની પરંપરાગત રીતે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ગણગૌર તરીકે ઓળખાતો આ તહેવાર દર વર્ષે ચૈત્ર મહિનાની સુદ ત્રીજના ઉજવવામાં આવે છે.

ગણગૌરની ઉજવણીના ભાગરૂપે અગ્રવાલ સમાજ ભવન ખાતે સાંજે ૪ કલાકે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. દર વર્ષે અગ્રવાલ સમાજ મહિલા સંગઠન દ્વારા હરિયાળી ત્રીજની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે તા. ૨૮મી માર્ચના સાંજે અગ્રવાલ ભવન ખાતે કિંજલબેન બંસલના માર્ગદર્શન હેઠળ નૃત્ય સ્પર્ધા, દિપાબેન ભારતીઆના માર્ગદર્શન હેઠળ મહેંદી સ્પર્ધા ઉપરાંત વિવિધ રમતગમત સ્પર્ધા, હાઉઝી સહિતના કાર્યક્રમો યોજાશે. અગ્રવાલ મહિલા સંગઠનના પ્રમુખ પાયલ બિંદલ અને સેક્રેટરી ઉમા બંસલના માર્ગદર્શન હેઠળ તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે તેવું અગ્રવાલ સમાજના મીડિયા પ્રભારી અશોકભાઈ મિતલની યાદીમાં જણાવાયું છે.

## પહેલા પાનાથી...

### વિરાસત ભી-વિકાસ ભી

મહોત્સવમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોનું લોકાર્પણ તેમજ સુવર્ણ શિખર અને ધ્વજારોહણ તથા નવી નિર્માણ થયેલી યજ્ઞશાળાના લોકાર્પણ કર્યા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રી શિવ પંચાયત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભક્તિ ભાવપૂર્વક સહભાગી થયા હતા. તેમજ હાટકેશ્વર મહાદેવનું પૂજન અર્ચન કર્યું હતું અને સુવર્ણ શિખરના દાતા પરિવારોને સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વતન ભૂમિ વડનગર પુરાતત્વીય અનુભવાત્મક મ્યુઝિયમ, કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, તાનારીરી પાર્ક, બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી, થીમ પાર્ક જેવી વિરાસતોને પરિણામે દેશ-વિદેશના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

હવે આ આકર્ષણમાં વધુ એક નજરાણું પુરાણ પ્રસિદ્ધ હાટકેશ્વર મહાદેવની ગાથા વર્ણવતા અદ્યતન લાઈટ એન્ડ સાઉન્ડ શો દ્વારા ઉમેરાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાતના મહત્વપૂર્ણ તીર્થસ્થાનોમાં ગણાતા વડનગર ખાતેના હાટકેશ્વર મહાદેવ મંદિરનું ધાર્મિક તેમજ ઐતિહાસિક મહત્વ અજોડ છે.

આ લોકાર્પણ અવસરે સામાજિક અગ્રણી સોમભાઈ મોદી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, પ્રવાસન અગ્ર સચિવ ડો. રાજેન્દ્ર કુમાર અને પ્રવાસન નિગમના એમ.ડી, સાંસદ શ્રી હરિભાઈ તેમજ ધારાસભ્યો અને સ્થાનિક આગેવાનો, વડનગર નગરપાલિકા પ્રમુખ અને પદાધિકારીઓ તેમજ હાટકેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટીઓ, નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### દેશભરના પોલીસ

ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ની ચાર સ્પર્ધાઓ તા. ૨૪ થી ૨૮ માર્ચ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં યોજાશે. ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ, ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળ તેમજ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોસના જવાનો વચ્ચે વિવિધ સ્પોર્ટ્સ કોમ્પિટિશન; રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન દર વર્ષે કરે છે. રમતોને અલગ અલગ ક્લસ્ટરમાં વહેંચીને તેની યજમાની વિવિધ રાજ્યોમાં સ્થિત પોલીસ દળને સોંપીને, આ અખિલ ભારતીય પોલીસ રમતગમત સ્પર્ધાઓ ભારતભરમાં યોજવામાં આવે છે. આ વર્ષે એક્વેટિક ક્લસ્ટરની સ્પર્ધાઓ ગુજરાતમાં થવાની છે. ૭૨ મી ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટિક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ની યજમાની ગુજરાત યુનિટ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ગુજરાત યુનિટ કરી રહ્યું છે.

### લોકસભાની ચૂંટણી બાદ

રૂ. ૩.૬ લાખ હતું.

કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટિવ દ્વારા ૨૨ પક્ષોના ચૂંટણી ખર્ચનું વિશ્લેષણ કરવામાં આવ્યું તેમાં જણાવ્યું હતું કે કુલ ૧,૫૯૫ ઉમેદવારો ઉભા રાખ્યા હતા, જેમાંથી ૪૮૦ ઉમેદવારો ૧૮મી લોકસભામાં ચૂંટાયા હતા. આ લોકસભાના કુલ સભ્યોની સંખ્યાના ૮૮% થી વધુ છે. અભ્યાસ મુજબ, ભાજપે ૨૨ પક્ષોને મળેલી કુલ રકમમાંથી ૮૪.૫% ભંડોળ એકત્ર કર્યું. પાર્ટીએ કુલ ૧,૭૩૮ કરોડ રૂપિયાનો ચૂંટણી ખર્ચ જાહેર કર્યો છે, જે ૨૨ પાર્ટીઓના કુલ પ્રચાર ખર્ચના ૪૫% છે.

### વકફ સુધારા બિલ

ભાજપના પ્રયાસોનો એક ભાગ છે.કોંગ્રેસના જનરલ સેક્રેટરી અને ઈનચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ ખૂબ જ ખામીયુક્ત છે. આ બિલનો ઉદ્દેશ્ય દરેક ધર્મના નાગરિકોને સમાન અધિકારો અને સુરક્ષાની ખાતરી આપતી બંધારણીય જોગવાઈઓને નબળી પાડવાનો છે. રમેશે આક્ષેપ મુક્યો હતો કે, વક્ફનું સંચાલન કરવા માટે અગાઉના કાયદાઓ દ્વારા બનાવવામાં આવેલી તમામ સંસ્થાઓનું કદ, રચના અને સત્તા ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેથી લઘુમતી સમુદાયને તેમની ધાર્મિક પરંપરાઓ અને બાબતોનું સંચાલન કરવાના અધિકારથી ઈરાદાપૂર્વક વંચિત રાખી શકાય. આ ભાજપની રણનીતિનો એક ભાગ છે. તેમણે ઉમેર્યું હતું કે, વકફ હેતુ માટે કોણ પોતાની જમીન દાન કરી શકે છે તે નક્કી કરવા માટે ઈરાદાપૂર્વકની અસ્પષ્ટતા રજૂ કરવામાં આવી છે.

## નવી દિલ્હીમાં રેલવે સ્ટેશને ફરી અફડાતફડી, ભારે ભીડ ઉમટતા ભાગદોડ

નવી દિલ્હી : અત્રેના રેલવે સ્ટેશન પર ફરી એકવાર ભાગદોડની સ્થિતિની ખબર બહાર આવી છે. સ્યેશનનાં પ્લેટફોર્મ નંબર ૧૨ અને ૧૩ પર મોટી સંખ્યામાં યાત્રીઓ એકઠા થયા હતા.ભાગદોડની સ્થિતિ શિવગંગા એક્સપ્રેસ, સ્વતંત્ર સેનાની એક્સપ્રેસ, જમ્મુ રાજધાની એક્સપ્રેસ, લખનૌ મેલલ અને મગધ એક્સપ્રેસનાં પ્રસ્થાનમાં વિલંબથી થઈ હતી. જોકે આ ભાગદોડમાં કોઈ ઘાયલ નથી થવું ભીડ નિયંત્રીત કરવા તરત પોલીસ ટીમ તૈનાત કરી દેવાઈ હતી. જોકે આ ઘટનામાં કોઈને ઈજા નથી થઈ તેમ પોલીસે જણાવ્યું હતું કે જયારે બીજી બાજુ રેલવેએ ભાગદોડની ઘટનાનો ઈક્રાર કર્યો હતો. કોઈ અપ્રિય ઘટના બની હોવાનો ખુલાસો થયો હતો. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે. ઉલ્લેખનીય છે કે અગાઉ મહાકૂંભ દરમ્યાન નવી દિલ્હી રેલવે સ્ટેશને ભાગદોડમાં ૧૮ યાત્રીઓનાં મોત થયા હતા.

## બિહારમાં ગુંડારાજ

પટણા : બિહારમાં તાજેતરનાં દિવસોમાં તપાસનીશ પોલીસ જવાનોની હત્યા, કેન્દ્રીય મંત્રીના પરિવારમાં ફાયરીંગ જેવા ઘટનાક્રમ વચ્ચે વધુ એક ચોંકવનારો બનાવ બન્યો છે. સિવાનમાં બે લોકોની હત્યાથી ઉશ્કેરાયેલા લોકોએ તપાસ માટે પહોંચેલી પોલીસને દોડાવી-દોડાવીને માર માર્યો હતો.સિવાનમાં વિશાલ યાદવ નામનાં યુવાનનું અપહરણ કરીને ગુંડાઓએ ગોળીબાર કરીને હત્યા કરી હતી. આ સિવાય પ્રમોદ યાદવની અન્ય એક બનાવમાં હત્યા થઈ હતી.

## USની મધ્યસ્થી હેઠળ UAEમાં યોજાશે રશિયા-યુક્રેનની બેઠક, પુતિન-ઝેલેન્સ્કી સહમત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા બે વર્ષથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે, જેમાં અનેક લોકોના મોત થયા છે. બંને દેશોનું યુદ્ધ બંધ થાય તે માટે અમેરિકા સહિત અનેક દેશો પ્રયાસ કરી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્યસ્થી કરી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે અનેક વખત વાતચીત કરી છે, જોકે તેમ છતાં બંને દેશો એકબીજા પર ભયાનક હુમલા કરતા રહ્યા છે, ત્યારે યુક્રેનના સંરક્ષણ મંત્રી રૂસ્તમ ઉમિએરોવે અમેરિકાના અધિકારીઓ સાથે મુલાકાત કરી છે. આ દરમિયાન રશિયા-યુક્રેન વચ્ચે સાઉદી અરેબિયામાં બેઠક યોજાવા પર સહમતી થઈ છે.

ટ્રમ્પે આઠમી માર્ચે કહ્યું હતું કે, 'અમે આવતા અઠવાડિયે સાઉદી અરેબિયામાં મળી રહ્યા છીએ અને વાત કરીશું. જો આપણે અંતિમ સમજુતી અંગે વાત કરીએ, તો રશિયા સાથે વ્યવહાર કરવો વધુ સરળ હોઈ શકે છે, કારણ કે તેમની પાસે તમામ શક્તિ અને કાર્ડ છે. ડોનાલ્ડ ટ્રમ્પે એમ પણ કહ્યું કે, કામ પુરુ કરવા માટે યુક્રેનને વાતચીતમાં સામેલ કરવું પડશે.


## વિધાનસભાના દ્વારેથી...

## પુલની કામગીરીની મંજૂરી વિચારણા હેઠળ છે



ગાંધીનગર : કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના નારણપર- વિઝાણ વચ્ચે આવેલ નદી પર તેમજ નુંધાતડ-રબારીવાંઢ વચ્ચે આવેલ નદી પર પુલ ન હોવાના કારણે વાહન વ્યવહાર ઘણા સમય સુધી બંધ રહેતો હોય તેના પર પુલ બનાવવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરવામાં આવેલ હોવાની વાતનો રાજ્યના માર્ગ અને મકાન વિભાગના મંત્રીએ એકરાર કર્યો હતો. અબડાસા ના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઉપરોક્ત ઉત્તર આપતા રાજ્યના માર્ગ અને મકાન વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે નારણપર-વિઝાણ ૧૭-૭-૨૦૨૪ નુંધાતડ-રબારીવાંઢ ૫-૮-૨૦૨૪ ના રજૂઆત સરકારને મળી હતી. તેમણે ઉમેર્યું હતું કે આ પુલની કામગીરી મંજૂરીની વિચારણા હેઠળ છે.

## કચ્છ જિલ્લામાં ૫૨ વ્યાજખોરો સામે ૨૫ ગુના દાખલ કરવામાં આવ્યા



ગાંધીનગર: રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વ્યાજખોરો વિરુદ્ધ ઝુંબેશ કરવામાં આવી હોવાની વાતનો રાજ્યના ગૃહ મંત્રીએ એક કરાર કરીને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે પુછેલા એક લેખિત તારાકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે કચ્છ જિલ્લામાં ૫૨ વ્યાજખોરો સામે ૨૫ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે જ્યારે જામનગર જિલ્લામાં ૧૦૧ વ્યાજખોરો સામે ૪૦ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

## કેનેડામાં ૨૮ એપ્રિલે યોજાશે સામાન્ય ચૂંટણી, નવા વડાપ્રધાન માર્ક કાર્નીએ અચાનક કરી જાહેરાત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ એક મોટી જાહેરાત કરી છે. વૈશ્વિક ઉથલ-પાથલ વચ્ચે તેમણે દેશમાં આગામી મહિને ૨૮ એપ્રિલે સ્નૈપ ચૂંટણી કરાવવાનો નિર્ણય લીધો છે. તેમની આ જાહેરાત અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાગૂ કરાયેલી 'અયોગ્ય' ટેરિફના જવાબમાં છે જે કેનેડાની અર્થવ્યવસ્થા માટે ખતરો બની છે.કેનેડામાં સામાન્ય ચૂંટણી ૨૦ ઓક્ટોબર પહેલા નહોતી થવાની, પરંતુ વડાપ્રધાન કાર્નીએ પોતાની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કર્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## ટીબી હોય તો વહેલું નિદાન જરૂરી નહીંતર કરોડરજ્જુમાં લકવો, હાથ-પગ કામ કરતા બંધ થવાનું જોખમ

નવીદિલ્હી : વર્ષ ૨૦૨૫માં ભારતને ટ્યુબરક્યુલોસિસ (ટીબી) મુક્ત કરવાના દાવા અને વાસ્તવિક્તા વચ્ચે મોટો તફાવત હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. ગુજરાતની જ વાત કરવામાં આવે તો એક વર્ષમાં ટીબીના ૧.૩૭લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, પ્રતિ દિવસે ટીબીના સરેરાશ ૩૭૮ નવા કેસ નોંધાય છે. એક વર્ષમાં ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા સ્થાને છે. આજે વિશ્વ 'ટીબી દિવસ' છે ત્યારે તેમાં વધતા જતા કેસ ચિંતાનો વિષય બન્યા છે.

ગુજરાત સરકારે ટીબી નોંધણી અને સફળ સારવાર મામલે નીતિ આયોગ દ્વારા નિર્ધારિત લક્ષ્યના ૯૫% હાંસલ કર્યા છે, જ્યારે સારવાર પૂર્ણ થવાનો દર ૯૧%નોંધાયો છે. ગુજરાતને ૨૦૨૪માં ૧,૪૫,૦૦૦ ટીબી દર્દીઓની ઓળખ અને નોંધણીનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો,

## 'રમશે ગુજરાત'ના દાવા વચ્ચે ૬૩૩૨ સ્કૂલોમાં પોતાના મેદાન જ નથી, નિયમના ધજાગરાં

ગાંધીનગર : ગુજરાતની ૬૩૩૨ શાળાઓમાં રમતના મેદાન નથી. ખેલ મહાકુંભ અને રમશે ગુજરાતના નારા સાથએ રાજ્ય સરકાર ભલે ગમે તેટલાં મેળા કરે પરંતુ ૨૦૨૪માં ગુજરાત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટ પ્રમાણે ગુજરાતની ૫૩૮૫૧ માન્ય શાળાઓમાંથી ૬૩૩૨ શાળાઓ એવી છે, જ્યાં સમ ખાવા પૂરતા પણ રમતના મેદાન નથી. રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી કુલ ૩૩૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાંથી ૫૦૦૦ શાળાઓમાં રમતના મેદાનો નથી.

## ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં હમાસના નેતા સહિત ૨૩નાં મોત

નવી દિલ્હી: ઈઝરાયેલ-હમાસ વચ્ચેના યુદ્ધમાં દિનપ્રતિદિન મૃત્યુઆંક વધી રહ્યો છે. દક્ષિણ ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના હુમલામાં રવિવારે રાત્રે ઓછામાં ઓછા પેલેસ્ટાઈનના ૨૩ લોકોના મોત થયા છે, જેમાં હમાસના એક વરિષ્ઠ રાજકીય નેતા પણ સામેલ છે. આની સાથે જ આ યુદ્ધમાં પેલેસ્ટાઈનના ૫૦ હજાર કરતાં વધુ લોકોના મોત થઈ ચુક્યા છે, તેમ ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે.આ દરમિયાન ઈરાન સમર્થિત યમન સ્થિત હુથી બળવાખોરોએ હમાસના સમર્થનમાં આવી ઈઝરાયેલ પર એક મિસાઈલ ફેંકી હતી, આ હુમલાથી સાયરનો વાગી ગઈ હતી. ઈઝરાયેલની સેનાએ કહ્યું કે હુથીએ છોડેલી મિસાઈલને અટકાવી દેવામાં આવી હતી અને તેમાં જાનહાનિના કોઇ અહેવાલ નથી.

## US જશો નહીં, અટકાયત થઈ જશે યુરોપના દેશોની નાગરિકોને ચેતવણી

બર્લિન : અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમીગ્રેશનના કાયદા કડક બનાવતાં યુકે અને જર્મની જેવા યૂરોપના અનેક દેશોએ ટ્રાવેલ એડવાઈઝરી અપડેટ કરી છે અને ચેતવણી આપી છે કે માન્ય વિઝા કે ઈસએટીએના ઓથોરાઈઝેશનનો મતલબ નથી કે તે દેશમાં તમારા પ્રવેશની ગેરંટી નથી. અટકાયત થઈ શકે છે. જર્મનીના વિદેશ મંત્રાલયે પોતાના નાગરિકોને અમેરિકાનો પ્રવાસ ટાળવાની સલાહ આપી છે.અમેરિકાના વિઝા મળ્યા હોય તેવા લોકો ઈલેક્ટ્રોનિક સીસ્ટમ ફોર ટ્રાવેલ ઓથોરાઈઝેશન થકી મંજૂરી લઈ અમેરિકામાં પ્રવેશ કરતા હોય છે. ESTAની મંજૂરી લેવાથી પ્રવેશ કરવાનો અધિકાર મળી હોવાનું નકારીને અમેરિકામાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન યુરોપીયન નાગરિકોની અટકાયત કરવામાં આવી છે.અમેરિકામાં પ્રવેશ સમયે બે જર્મન નાગરિકોની અટકાયત કરવામાં આવી હતી.

# આગામી શૈક્ષણિક સત્રથી ભુજની વેટરનરી કોલેજ શરૂ થવાના સંકેત

**કામધેનૂ યુનિવર્સિટીની ઉચ્ચ સ્તરીય ટીમે કચ્છની મુલાકાત બાદ વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને સુપરત કર્યો હતો રિપોર્ટ: વીસીઆઈની મંજૂરી મળ્યા બાદ ઓગસ્ટ માસથી શરૂ થશે શૈક્ષણિક કાર્ય : ડો. હડિયા (રજીસ્ટાર, કામધેનૂ યુનિવર્સિટી)**

## વીસીઆઇ સમક્ષ કચ્છના જનપ્રતિનિધિઓ કરે રજૂઆત

**વિશાળ જનહિતને ધ્યાને લઈ વેળાસર કોલેજ શરૂ થાય તે માટે તમામ મોરચે પ્રયાસો અનિવાર્ય**

ભુજ : કચ્છ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા વેટરનરી કોલેજ મંજૂર કરાયાને ચાર વર્ષ જેટલો સમય થયો છે. સ્થાનિકે તમામ તૈયારીઓ પૂર્ણ થઈ છે અને કામધેનુ યુનિવર્સિટીની ટીમે પણ પોતાનો રિપોર્ટ વેટરનરી કાઉન્સિલર ઓફ ઈન્ડિયામાં રજૂ કરી દીધો છે. ભુજમાં વેટરનરી કોલેજ શરૂ થવાના આડે હવે માત્ર વીસીઆઈની મંજૂરી બાકી રહી છે ત્યારે કચ્છના સ્થાનિક જનપ્રતિનિધિઓ આગામી શૈક્ષણિક વર્ષથી ભુજમાં વેટરનરી કોલેજ શરૂ થઈ જાય છે. ભુજમાં વેટરનરી કોલેજ શરૂ થયા બાદ જિલ્લાના પશુપાલકો અને માલધારીઓને પોતાના પશુઓ માટે અત્યાધુનિક સારવારનો લાભ મળતો થશે. આ વેટરનરી કોલેજ કચ્છના શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે વધારાનું પુરક બળ પણ બન રહેશે ત્યારે વિશાળ જનહિતને ધ્યાને લઈ સ્થાનિક જનપ્રતિનિધિઓ દ્વારા કોલેજ વેળાસર શરૂ થાય તે માટે ઉચ્ચકક્ષાએ કચ્છવાસીઓની લાગણી અને માગણી પહોંચાડે તે જરૂરી છે.

ભુજ : રાજ્યના ભૌગોલિક દૃષ્ટીએ સૌથી વિશાળ કચ્છ જિલ્લામાં પશુઓની સંખ્યાનો આંક માનવ વસ્તી કરતા વધુ છે. સરહદ ડેરીના આગમન બાદ જિલ્લામાં પશુપાલન વ્યવસાયનો ઝડપી વિકાસ થયો છે. જિલ્લામાં ૨૦ લાખ જેટલું પશુધન છે. પશુઓની સારવાર માટે વેટરનરી તબીબોની જરૂરિયાત રહેતી હોય છે. પશુધનની મોટી સંખ્યા અને પશુઓની સારવાર અને સંશોધન અર્થેની જરૂરિયાતને ધ્યાને લઈ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ ૨૦૨૧ મા કિસાન સન્માન દિવસના રાજ્યકક્ષાના કાર્યક્રમમાં કચ્છમાં કૃષિ યુનિવર્સિટીની કોલેજ અને વેટરનરી કોલેજની સ્થાપના કરવાની ઘોષણા કરી હતી. વર્ષ ૨૦૨૨-૨૩ ના ગુજરાત સરકારના બજેટમાં ભુજમાં વેટરનરી કોલેજ સ્થાપવાની સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ હતી. વર્ષ ૨૦૨૨ મા પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે સૂચિત વેટરનરી કોલેજ માટે રૂા.પાંચ કરોડની ફાળવણી કરી હતી.

રાજ્યના બજેટમાં સૈદ્ધાંતિક મંજૂરી અને પ્રથમવર્ષ માટે નાણાંકીય જોગવાઈ બાદ જિલ્લામાં વેટરનરી કોલેજ માટે જમીન ફાળવણી સહિતની પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી છે. ત્યારબાદ ગત વર્ષે વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, કામધેનુ યુનિવર્સિટીના રજિસ્ટાર ડો. હડિયા સહિતના અધિકારીઓની ઉચ્ચ સ્તરીય ટીમે કચ્છ જિલ્લાની મુલાકાત લઈ માળખાગત સુવિધાઓ સહિતનું નિરીક્ષણ કર્યું હતું. કામધેનુ યુનિવર્સિટીની ટીમે પોતાનો રિપોર્ટ વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો સુપરત કર્યો છે.

કામધેનુ યુનિવર્સિટીના રજિસ્ટાર ડો. હડિયાએ 'કચ્છ ઉદય' સાથેની વાતચીતમાં વિગતો આપતા જણાવ્યું હતું કે, વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ધારાધોરણ અનુસાર કામધેનુ યુનિવર્સિટી હસ્તક ભુજમાં વેટરનરી કોલેજ શરૂ કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી છે. કામધેનુ યુનિવર્સિટી દ્વારા રિપોર્ટ રજૂ કરાયા બાદ હવે વેટરનરી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (વીસીઆઈ) દ્વારા મંજૂરી મળ્યા બાદ ભુજની વેટરનરી કોલેજ શરૂ કરવામાં આવશે.

જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. હરેશ ઠક્કર અને ડો. રાજેશ પટેલે જણાવ્યું હતું કે, સ્થાનિકે વેટરનરી કોલેજ શરૂ કરવા માટેની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. જો વીસીઆઈ દ્વારા મંજૂરી મળી જશે તો આગામી શૈક્ષણિક વર્ષમાં ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં ભુજમાં વેટરનરી કોલેજ શરૂ થઈ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લામાં વિશાળ પશુધનની સંખ્યા અને પશુ સારવાર માટે વેટરનરી તબીબો, સંશોધન માટેની જરૂરિયાતને ધ્યાને લઈ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભુજમાં વેટરનરી કોલેજ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ ઘોષણા ત્રણ વર્ષથી વધુનો સમય થયો છે. રાજ્યના બજેટમાં સૈદ્ધાંતિક મંજૂરી, નાણાંકીય ફાળવણી થઈ ગઈ છે ત્યારે વધુ વિલંબ વગર હવે ભુજમાં વેટરનરી કોલેજ સત્વરે શરૂ થાય તેવી માંગણી સ્થાનિકે પ્રબળ બની છે. ભુજની વેટરનરી કોલેજ માટે વિવિધ સંવર્ગની ૪૨ જગ્યાઓ નિયમિત અને ૩૨ જગ્યાઓ આઉટ સોર્સિસ સહિત કુલ ૭૨ લોકોનું મહેકમ મંજૂર કરાયું છે. ભુજમાં વેટરનરી કોલેજ શરૂ થયા બાદ જિલ્લાના પશુપાલકોને આ મહાવિદ્યાલયના માધ્યમથી પશુઓ માટે અત્યાધુનિક સારવારનો લાભ મળતો થશે. કચ્છ સહિત રાજ્યમાં વેટરનરી તબીબોની ઘટ પણ નિવારી શકાશે.

## કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કોલેજની વાત રહી ઠેરની ઠેર

ભુજ : ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ ૨૦૨૧ મા કચ્છમાં વેટરનરી કોલેજની સાથે કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કોલેજ શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી. ભુજમાં વેટરનરી કોલેજ શરૂ કરવાની પ્રક્રિયા અંતિમ અને નિર્ણાયક તબક્કામાં પહોંચી છે પરંતુ જે-તે સમયે વેટરનરી કોલેજ સાથે સાથે જ જાહેર થયેલ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કોલેજની પ્રક્રિયા ઠેરની ઠેર રહી છે. આ કોલેજ પણ સત્વરે શરૂ થાય તે દિશામાં પ્રયાસો થવા જરૂરી છે તેવું જાગતૃ કચ્છીજનો જણાવી રહ્યા છે.

## કચ્છમાં પશુઓની સંખ્યામાં વધારો.. પણ હોસ્પિટલની રાહમાં

ભુજ : કચ્છમાં માનવ વસ્તીથી વધુ પશુઓની વસ્તી છે છતાં લાંબા સમયથી મંજુરી થયેલી વેટરનરી કોલેજ હજુ શરૂ કરાઈ નથી. સરકારી તંત્રમાંથી પ્રાપ્ત થયેલ વર્ષે ૨૦૧૨માં પશુઓની ગણતરીનાં આંકડા મુજબ ગાય, ૫,૮૩,૪૨૦, ભેંસ ૩,૭૫,૪૦૯, ઉંટ ૭,૯૬૭, ઘોડા ૨,૧૧૫, ગધેડા ૩,૦૫૫, ઘેટાં ૫,૧૫,૯૧૨, બકરા ૪,૦૧,૨૯૬ સહિત વીસ લાખથી વધુ પશુઓની સંખ્યા સરકારી ચોપડે બોલે છે.

# સહનશીલતા, પરિશ્રમ અને સેવા સુખી જીવનના સૂત્રો : આચાર્યશ્રી મહાશ્રમણજી





ભુજ : જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘના વર્તમાન અધિશાસ્તા, અહિંસા યાત્રાના પ્રણેતા અને શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજી તેમની ધવલ સેના સાથે ગુજરાતની ધરા પર વિહાર-પ્રવાસ કરી રહ્યા છે. દૂર દૂર રહેતા લોકો પણ રાષ્ટ્રસંતના દર્શન અને મંગલ પ્રવચનથી લાભાન્વિત થઈ રહ્યા છે. રવિવારના પ્રભાત સમયે શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજી ભચાઉ ખાતે આવેલા સ્વામિનારાયણ ગુરુકુલથી મંગલ પ્રસ્થાન કર્યું હતુ. ગુરુકુલ સાથે સંકળાયેલા લોકોએ આચાર્યશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આચાયશ્રી સૌને મંગલ આશીર્વાદ આપતા આગળના ગંતવ્ય તરફ પ્રસ્થાન કર્યું હતુ. માર્ગમાં અનેક લોકોએ મંગલ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. લગભગ ૧૧ કિલોમીટરનો વિહાર કરતા યુગપ્રધાન આચાર્યશ્રી મહાશ્રમણજી કુંજીસર ખાતે આવેલા રાધાભાઈ નેપાભાઈ આહીર પરિવારના નિવાસ સ્થાને પધાર્યા હતા. મહાન સંતને પોતાના આંગણે પામીને આહીર પરિવાર ધન્યતા અનુભવી રહ્યો હતો.

મુખ્ય પ્રવચન કાર્યક્રમમાં ઉપસ્થિત જનતા સમક્ષ મહાતપસ્વી આચાર્યશ્રી મહાશ્રમણજીએ પાવન ઉપદેશ આપતા કહ્યું હતું કે, સુખી જીવન માટે કેટલાક સૂત્ર શાસ્ત્રમાં જણાવ્યા છે. સુખ દરેકને ઈચ્છનીય હોય છે અને તેની પ્રાપ્તિ માટે માનવ પ્રયત્નશીલ રહે છે. શાસ્ત્રકારો મુજબ, સુખી બનવા માટે આ આધ્યાત્મિક સૂત્રો અપનાવવા જોઈએ. પ્રથમ સૂત્ર છે કે સુકુમારતા (આરામપ્રિયતા) છોડી પોતાને તપાવવા. કઠોર જીવન જીવવાનો અભ્યાસ કરવો જોઈએ. જે વ્યક્તિ કઠોર જીવન જીવવાનો અભ્યાસ કરે છે, તે નાની મોટી મુશ્કેલીઓમાં પણ દુઃખી બનતો નથી.સુવિધાઓ પ્રત્યે વધારે ઝુકાવ મનુષ્યને દુઃખી બનાવી શકે છે. શીત, ઉષ્ણ અને વર્ષા - આ ત્રણ ઋતુઓ ચાર-ચાર મહિના માટે હોય છે. ગ્રીષ્મ ઋતુમાં તપસ્વી સાધુ-સાધ્વીઓ પગપાળા યાત્રા કરે છે, જે ખૂબ જ કઠોર હોય છે. ઉનાળામાં પોતાના બોજા સાથે વિહાર કરવો એ પણ તપસ્યા સમાન છે. શિયાળામાં પણ સાધુ-સાધ્વીઓ વિહાર કરતા રહે છે. શિયાળાની ઠંડી સહન કરવી, ગરમી સહન કરવી અને વરસાદ સહન કરવો એ મનુષ્ય માટે કઠોર જીવન જીવવાનું એક સાધન બની શકે છે. માનવી સહન કરવાનું શીખે તો તે સુખી બની શકે. પરિશ્રમશીલ બનવું જોઈએ. આળસ છોડીને કાર્યમાં તત્પર રહેવું જોઈએ. જે પણ કાર્ય શક્ય હોય, તે કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.અજાણી અને અનાવશ્યક ઈચ્છાઓને નિયંત્રિત કરવી જોઈએ.આ પ્રકારે જો માણસ સહનશીલતા, પરિશ્રમ અને સેવા જેવા ગુણો અપનાવે તો તેનો જીવન સુખમય બની શકે છે.

આચાર્યશ્રીના મંગલ પ્રવચન બાદ રાધાભાઈ આહીરે તેમની ભાવના વ્યક્ત કરી હતી અને આચાર્યશ્રી પાસેથી મંગલ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આચાર્યશ્રીએ સૌને મંગલ આશીર્વાદ આપ્યા હતા. આચાર્યશ્રી સાથે વિચરણ કરી રહેલા અનેક સાધુ સાધ્વી તથા સમણી ભગવંતોની ધવલ સેનાની સાથે મર્યાદા મહોત્સવ વ્યવસ્થા સમિતિના કન્વીનર કે.કે. સંઘવી તેમજ ભુજના માર્ગદર્શનમાં તેરાપંથ સંઘ, યુવક પરિષદ, મહિલા મંડળ તથા અણુવ્રત સમિતિના સદસ્યો વિગેરે સેવા અને વ્યવસ્થા સંભાળી રહ્યા છે.સમસ્ત જૈન સમાજનો અનુકરણીય સહયોગ સાંપડી રહ્યો છે. સમસ્ત જૈન મંડળોની સ્વૈચ્છિક સેવા પણ અનુકરણીય છે તેવું એક યાદીમાં આચાર્યશ્રી મહાશ્રમણ મર્યાદા મહોત્સવ પ્રવાસ વ્યવસ્થા સમિતિ ૨૦૨૫ - ભુજ - કચ્છના પ્રીન્ટ મિડિયા પ્રભારી મહેશ પ્રભુલાલ મહેતાએ જણાવ્યું હતું.

# ચૈત્રી નવરાત્રિ પૂર્વે ભુજ આશાપુરા મંદિરે આભૂષણોની કરાઈ સફાઈ





ભુજ : અહીં આશાપુરા માતાજી મંદિરે પૂજારી જનાર્દનભાઈ દવેના માર્ગદર્શન હેઠળ કંસારા સોની સમાજના કારીગર ભાઈઓએ પરંપરા મુજબ ચાંદીના સિંહાસન, દરવાજા, છત્તર વગેરે આભૂષણની સફાઈ માટે સેવા આપી હતી.

ભુજ આશાપુરા મંદિરે ચૈત્ર નવરાત્રી પ્રારંભ થાય તેની પૂર્વે મંદિરના આરતી ગ્રુપના કાર્યકરો દ્વારા શિખર, ઘુમ્મટ, સભા મંડપ, બંને પરિસરો ઘનિષ્ઠ સફાઈ કરવામાં આવી હતી. નવરાત્રીના આગલા રવિવારે સોની પરિવારના અંદાજીત ૨૫ જેટલા સભ્યો ચાંદીના દરવાજા, સિંહાસન, મયુરાસના ભોગપાટ, છત્તરો, આરતી વિગેરે દેશી પધ્ધતિથી સાફ કરી ચમકાવે છે. પૂજારી પરિવાર તરફથી બધા જ દેવોને શણગારવામાં આવશે. આમ ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ થશે. ઘટસ્થાપન શનિવારના તા. ૨૯-૩ સાંજે ૭.૧૫ કલાકે કરવામાં આવશે. પ્રથમ નવરાત્રી - ચંદ્રદર્શન ચેટીચાંદ રવિવાર ૩૦-૩ના થશે. ત્રીજનો ક્ષય છે. તા. ૪-૪ સાતમના હવન પ્રારંભ રાત્રે ૯.૩૦ કલાકે, હવન પૂર્ણાહુતિ રાત્રે ૧૨.૪૫ કલાકે કરવામાં આવશે. શનિવાર તા. ૫-૪ આઠમના નૈવેદ કરવામાં આવશે. રવિવાર તા. ૬-૪ના રામનવમી ઉજવાશે. પૂજારી જનાર્દન દવે, પૂજારી કવચ અને મારૂત સમગ્ર પરિવાર સેવામાં સાથે હોય છે. નવરાત્રી દરમ્યાન માતાજીના વિવિધ શણગાર વિગેરે પૂજારી નિતાબેન જનાર્દન દવે સંભાળે છે. મંદિરમાં પવિત્રતા, મર્યાદા અને સ્વચ્છતા માટે પૂજારી પરિવાર જાગૃત રહે છે. ચંદ્રદર્શન અને આઠમના મહારાણી પ્રિતિદેવી રાજ પરિવાર સાથે માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવશે.

# સુમરાસર શેખ કન્યા શાળામાં ધો. ૮ની વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજાયો



ભુજ : તાલુકાની સુમરાસર શેખ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. શિક્ષકોની સાથે દિકરીઓ ભાવ વિભોર બની હતી. સમારંભમાં દિકરીઓએ પોતાના ભાવ પ્રગટ કર્યા હતા. આચાર્ય ઉજ્જવલાબેન મકવાણાએ વિદ્યાર્થિનીઓને આગળ અભ્યાસ કરી શાળા તેમજ ગામનું રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. એસએમસી અધ્યક્ષ વિરમભાઈ ચાડ, હરિભાઈ મેરિયા, શિક્ષણવિદ શામજીભાઈ મેરિયાએ ઉદબોધનમાં દિકરીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી. સરપંચ રણછોડભાઈ આહિરે દિકરીઓને ધો.૯નો અભ્યાસ ગામની જ માધ્યમિક શાળામાં લેવા આહવાન કરતો શુભેચ્છા સંદેશ મોકલ્યો હતો. પૂર્વ આચાર્ય અલ્તાફભાઈ સમાએ આગળનો અભ્યાસ ન છોડવા દિકરીઓને ખાસ આહવાન કરી શુભકામના મોકલી હતી. સંચાલન અંજનાબેન કાપડીયાએ જયારે આભારવિધિ બિપીનભાઈ બળેવીયાએ કરી હતી.

# ભુજ લોહાણા મહાજન દ્વારા દરિયાલાલ જયંતી મહોત્સવની ઉજવણી નિમિત્તે ભવ્ય બાઈક રેલી યોજાઈ





ભુજ : ઈષ્ટદેવ દરિયાલાલજીની ૮૫૨મી જન્મ જયંતિની તા.૩૦/૩ને રવિવારે થનારી ઉજવણી અન્વયે ગઈકાલે ભુજમાં ભુજ લોહાણા મહાજન દ્વારા ભવ્ય બાઈક રેલી યોજાઈ હતી. રવાણી ફળીયા સ્થિત જલારામ મંદિરથી પ્રસ્થાન પામેલી આ રેલી શહેરના મુખ્ય માર્ગો ઉપરથી ફરીને દરિયાસ્થાન મંદિર ચોક ખાતે પૂર્ણ થઈ હતી, જેમાં ૨૦૦૦થી વધુ બાઈક - સ્કુટર સાથે મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધેલ હતો.

આ ભવ્ય બાઈક રેલીને મહાજનના પ્રમુખ ડો. મુકેશભાઈ ચંદે, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ઠકકર, મંત્રી હિતેશભાઈ ઠકકર, ખજાનચી મૂળરાજભાઈ ઠકકર, સહમંત્રી સંજયભાઈ ઠકકર, ડો. પ્રફુલ્લાબેન ભીંડે, યુવા મંડળના પ્રમુખ નીલભાઈ સચદે તથા મહિલા મંડળના પ્રમુખ મમતાબેન વી. ઠકકર, માધાપર લોહાણા મહાજનના પ્રમુખ મનોજભાઈ ઠકકર, અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપના પ્રમુખ જયેશભાઈ સચદે, અખિલ કચ્છ મહાજનના ઉપપ્રમુખ તુષારભાઈ આઈયા અને દાતા પરિવારના મુળજીભાઈ કેશરીયા વગેરેએ ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવેલ હતી. મહાજનના, યુવા મંડળના તથા મહિલા મંડળના કારોબારી સભ્યો, લોહાણા જ્ઞાતિની વિવિધ સંલગ્ન સંસ્થાઓના હોદ્દેદારો તથા સભ્યો વ્યવસ્થામાં જોડાયા હતા. ભુજ લોહાણા મહાજન આયોજીત ભવ્ય બાઈક રેલીમાં ડ્રેસકોટમાં સજ્જ જ્ઞાતિજનોને લોહાણા યુવા મંડળ, ઉમેદનગર કોલોની, રાવલવાડી રઘુવંશી નગર અને મુંદરા રિલોકેશન સાઈટ સ્થિત પ્રમુખસ્વામીનગર ખાતે સ્વાગત, સન્માન તથા ઠંડાપીણા વિગેરેની વ્યવસ્થા રખાઈ હતી. ભુજના જયુબિલી સર્કલ પાસે યુવા મંડળના સભ્યો દ્વારા હનુમાન ચાલીસા બોલાવવામાં આવી હતી. આ બાઈક રેલીના સમાપન સમયે મહાઆરતી અને પ્રસાદ હાંડલા ગરબી મિત્ર મંડળ દ્વારા કરવામાં આવેલ હતા.



ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના જન્મદિવસ પ્રસંગે ભુજના નગર અધ્યક્ષ રશ્મિબેન સોલંકી, ભુજ શહેર ભાજપ પ્રમુખ મિતભાઈ ઠક્કર, ઘનશ્યામ.સી.ઠક્કર, રાજેશ ગોર, કમલ ગઢવી, અનવર જુમા નોડે, જયદીપસિંહ જાડેજા, જયંત ઠક્કર, હિરેન રાઠોડ, વાલજીભાઈ ઘેડા વિગેરેએ શાલ - બુકે - મોમેન્ટો આપી શુભેચ્છા પાઠવી હતી.

## આદિપુરમાં આઈપીએલની મેટ પર સટ્ટો રમતો યુવક પકડાયો

ગાંધીધામ : આદિપુરમાં સંતોષી માતા સર્કલ નજીક એક દુકાનમાં આઈ.પી.એલ. ક્રિકેટ મેચનો ઓનલાઈન સટ્ટો રમતા શખ્સને પોલીસે દબોચી લીધો હતો. શ્રીજી ઈલેક્ટ્રિક્સ નામની દુકાનમાં હાજર સ્મિત ચીમનભાઈ પટેલ નામનો શખ્સ ક્રિકેટનો ઓનલાઈન સટ્ટો રમતો હોવાની બાતમી આધારે પોલીસ અહીં પહોંચી હતી અને મોબાઈલમાં સટ્ટો રમતા યુવકને પકડી પાડવામાં આવ્યો હતો. આ યુવાન રાજસ્થાન - હૈદરાબાદની મેચ ઉપર સટ્ટો રમતો હતો. રૂા. ૪૦,૦૦૦નો મોબાઈલ તથા રોકડ રૂા. ૪૦૦ પોલીસે જપ્ત કર્યા હતા. આ શખ્સે ક્યાંથી અને કેવી રીતે આઈ.ડી. મેળવી હતી? તેની પાછળ કોણ સંડોવાયેલ છે? તે સહિતની વિગતો સામે આવી નથી.

# ભુજના નાના રેહા વિસ્તારમાં પાણીનો કકળાટ

**ફાર્મ હાઉસના ગેરકાયદેસર જોડાણમાં પાણીનો વેડફાટ : ગ્રામજનો અને મુંગા પશુઓને પાણી માટે વલખા**

ભુજ : તાલુકાના નાના રેહા ગામે ઉનાળાના પ્રારંભે જ પાણીની તંગીથી સ્થાનિક રહેવાસીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. છેલ્લા ઘણા વર્ષોથી નાના રેહા અને મોટા રેહા ગામને પીવાનું પાણી ગ્રામ પંચાયત દ્વારા જદુરા ચોકડી પાસે આવેલ બોરવેલમાંથી અપાતું હતું પરંતુ હાલે પાણીનું સ્તર ઘટ્યું હોવાથી પંચાયત દ્વારા નર્મદાના પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ વિસ્તારમાં કેટલાક વગદાર લોકોના વાડી-ખેતરો આવેલ છે. વગદાર લોકો તંત્ર સાથે સાંઠગાંઠ કરીને નર્મદાનું પાણી પોતાની ખેતીની જમીન અને ફાર્મ હાઉસમાં ઉપયોગ કરી રહ્યા છે. તંત્ર દ્વારા અગાઉ ખેતીની જમીનમાં ફાર્મ હાઉસમાં લેવાયેલા પાણીના ગેરકાયદેસર કનેકશનો કાપી નાખવામાં આવ્યા હતા પણ હવે ફરીથી વગદારોએ મીલિભગતથી જોડાણ ચાલુ કરાવી લીધા છે. ગ્રામજનો માટેનું પીવાનું પાણી ફાર્મ હાઉસમાં સ્વીમીંગ પુલમાં ઠલવાઈ રહ્યું છે. જ્યારે લોકો અને મુંગા પશુઓને પાણી માટે વલખા મારવાની ફરજ પડી રહી છે. નાના રેહાના જાગૃત નાગરિક લિયાકત ભટ્ટીએ નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી ગેરકાયદેસર પાણી જોડાણ લેનાર ફાર્મ હાઉસ માલિકો અને વાલ્મમેન સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી. ગ્રામજનો અને પશુઓને પુરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવા રજૂઆત કરી હતી.

# પશ્ચિમ કચ્છ મેઘવંશી ગુર્જર સમાજના સમૂહલગ્ન સમિતિના હોદ્દેદારો વરાયા



નખત્રાણા : કોટડા (જ.) સિંહ ટેકરી ખાતે આજે પશ્ચિમ કચ્છ મેઘવંશી ગુર્જર સમાજના સમૂહલગ્ન સમિતિ માટે બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં ચોવીસીના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આગામી ૨૧મા સમૂહલગ્ન વર્ષ ૨૦૨૫ માટે પ્રમુખ પદે બાબુલાલ નથુભાઈ ચાવડા (રતડિયા)ના પૂર્વ સરપંચની વરણી કરાઈ છે. મંત્રી ગિરીશકુમાર ગોહિલ, ઉપપ્રમુખ વિનોદભાઈ ચાવડા, ખજાનચી અશોકભાઈ લોચા, સહમંત્રી રમેશભાઈ દાફડા, સહખજાનચી ગોપોલભાઈ વી. વાઘેલાની સર્વાનુમતે વરાયા હતા તેવું ભરતભાઈ કે. વાઘેલાની યાદીમાં જણાવ્યું હતું.



તેરાપંથ જૈન સંપ્રદાયના પ.પૂ. યુગપ્રધાન આચાર્ય મહાશ્રમણજીના પાવન સાનિધ્યમાં ભુજ મધ્યે આયોજિત મર્યાદા મહોત્સવ -૨૦૨૫ આપેલ સહયોગ બદલ ક.વી.ઓ.જૈન મહાજન ભુજ અને સર્વ સેવા સંઘ ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાનું મોમેન્ટો આપી અભિવાદન કરતા શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથ જૈન સંઘના પ્રમુખ વાડીલાલભાઈ મહેતા, ઉપપ્રમુખ અશોકભાઈ ખંડોલ, ફતેહચંદભાઈ બાબરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.



અબડાસા તાલુકાના વાયોર ગામે ઠાકર મંદિર ખાતે નિરંતર સત્સંગ મંડળ દ્વારા દરરોજ ૪થી ૬ વાગ્યા સુધી સત્સંગનું આયોજન કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ભજન, કીર્તન, આરતી સહિતના કાર્યક્રમોમાં ભાગ લઈ રહી છે.





**જન્મદિન મુબારક**



**રામ**ના શુભ જન્મ દિને 'કચ્છ ઉદય' પરિવાર તેમને ખૂબ ખૂબ હાર્દિક શુભકામના પાઠવે છે
પિતા : **મુકેશભાઈ સોની**
માતા : **મીતલબેન સોની**
ગામ : **દયાપર, તા. લખપત**

**ભાનુશાલી સમાજનું ગૌરવ.. અભિનંદન**



નરેશ આર. ભદ્રા | નિલેશ પી.ગજરા | વિપુલ આર. ભદ્રા

આપશ્રીઓને ઓલ ઈન્ડિયા બાર એસોસિએશન (AIBE) ની પરીક્ષા પાસ કરવા બદલ અભિનંદન.. ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભકામના...

-:: શુભેચ્છક ::-

- મોહન લીલાધરભાઈ ગજરા
- દિનેશ મોહનભાઈ ભદ્રા
- વિનોદ રામજીભાઈ વડોર
- દિનેશ ખટાઉભાઈ ગજરા
- જયંતિલાલ રવજીભાઈ ભદ્રા
- હરેશ લખમશીભાઈ ગજરા
- દિપક દયારામભાઈ ભદ્રા
- શંભુલાલ જેરામભાઈ ભદ્રા
- દિલીપ પ્રેમજીભાઈ ભદ્રા
- વિનોદ નરશીભાઈ ભદ્રા
- નીતિન હરિલાલભાઈ ગજરા
- છગન રાજેન્દ્રભાઈ ભદ્રા

NAS LION

**અભિનંદન**



**શ્રી મહેન્દ્રભાઈ દયારામભાઈ ઠક્કર**
(એડવોકેટ-નોટરી)

આપની સેન્ટ્રલ ગવર્મેન્ટ દ્વારા નોટરી પદે નિયુકત કરવામાં આવતા હાર્દિક અભિનંદન. ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી શુભકામના..

**ભાનુભાઈ હરીરામ ઠક્કર પરીવાર, ભુજ**

**અભિનંદન**



**રમેશ કે. મહેશ્વરી**
એડવોકેટ એન્ડ નોટરી
નલીયા-કચ્છ.

આપની કેન્દ્ર સરકાર દ્વારા નોટરી પદે નિયુકત કરવામાં આવતા અમો હર્ષની લાગી અનુભવીએ છીએ. ભવિષ્યમાં આપના ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન.

ગાંગજીભાઈ સુમારભાઈ ભરાડીયા
ગેબી મતિયા દેવ સેવા સમિતિ
પ્રમુખ તથા સમગ્ર
કારોબારી સમિતિ
વિંઝાણ, ખીરસરા

**પશ્ચિમ કચ્છ ખાણખનિજ–ભુજ ફલાઈંગ સ્કવોર્ડ ધ્યાને ન લે..!**

# લખપત પટ્ટામાં બ્લેકટ્રેપના નામે લિગ્નાઈટની બેફામ હેરાફેરી : કરોડોની રોયલ્ટીચોરી કરતી ગેંગને કોની છુટ?

**રોક શકો તો રોક લો..! : ભુજ–અબડાસાના બની બેઠેલ માથાભારે ખનીજચોર ગેગનો તંત્ર-પોલીસને ખુલ્લો લલકાર : હવે લખપત વિસ્તારમાં નવતર રીતે કોલસા(લિગ્નાઈટ)ચોરીનું ઉભુ કરી દીધું મોટું નેટવર્ક : બ્લેકટ્રીપની લીઝ દેખાડી અને આસપાસમાંથી કરોડોનો લિગ્નાઈટ ઉસેડનારાઓ પર કેમ લાલઆંખ નહી?**



**પશ્ચીમ કચ્છ ખાણખનિજ વિભાગના શ્રી દેવેન્દ્ર બારીયા તો સ્ટાફની ઘટ્ટ અથવા તો કાગળ પર માત્ર કામગીરી કરવામાં જ માની રહ્યા છે, આવી શિરજોર ગેંગની સામે ધાક બેસાડતી કાર્યવાહી તેઓ કરશે તેમ માનવુ વધુ પડતું જ કહેવાશે, એટલે કચ્છ કલેકટરશ્રી ભુજ ફલાઈંગ સ્કવોર્ડના જાબાંજ અને સરકારહિતમાં કડક કામગીરી કરી રહેલા શ્રી શાહને આ પ્રકરણની તપાસ સોપે તો જ પરીણામ લક્ષી કામ થશે : જાણકારોનો ઈશારો**

ગાંધીધામ : રણ-દરીયો અને ડુંગરની ત્રિવિધ સોંદર્યતા ધરાવતા કચ્છ જિલ્લાના પેટાળમાં અલગ અલગ પ્રકારના કીમંતી ખનીજનો પણ ખુબ જ મોટો ખજાનો ધરબયેલો છે. આ ખનીજમાથી જેટલા પ્રમાણમાં સરકારને રોયલ્ટીની આવક થાય છે તેનાથી તો સેકંડો ઘણી રોયલ્ટી ચોરી જિલ્લાભરમાં વકરેલા ખનીજતસ્કર ટોળકીઓ મારફતે કરવામાં અવી રહી છે. સરકાર અને તંત્ર કામ કરી રહી હોવાના આંકડાઓ રજુ કરતી કાર્યવાહી તો કરી દેખાડે છે પરંતુ માથાભારે અને શિરજોર તથા બધાયને સાચવીને ખનીજચોરી એકને મુકી બીજા સ્થળે બિનધાસ્ત કરી રહેલા ખનીજમાફીયાઓને ડામવામાં આ જ સરકાર અને તંત્ર કયાંક ને કયાંક વામળુ જ પુરવાર થવા પામી રહ્યુ હોય તેવી સ્થિતી સર્જાતી જોવાઈ રહી છે. હજુ તો કચ્છના છેવાડાના અબડાસા વિસ્તારમાં ખીરસરામાંથી તંત્રએ ધાક બેસાડતી કાર્યવાહી કરી હોવાના અહેવાલો સમ્યા પણ નથી કે, ભુજ-અબડાસા સુધી વકરેલા આ માથાભારે ખનીજચોરોએ હવે લખપત પટ્ટામાં નવતર રીતે કરોડોની રોયલ્ટી ચોરી અંજામ આપવાનુ શરૂ કરી દીધુ હોવાની વાત સામે આવવા પામી રહી છે. આ બાબતે જાણકારો કહી રહ્યા છે કે, લખપત વિસ્તારમાં બ્લેકટ્રેપની ખનીજ લીઝ ધરાવનારા કેટલાક બની બેઠલા ખનીજચોરો દ્વારા બ્લેકટ્રેપના નામે અહી મોટા મોટા મહાકાય મશીનો લગાડી અને લિગ્નાઈટ(કોલસો)બિનધાસ્ત રીતે ઉપાડવામાં આવી રહ્યો છે. આ તદન ગેરકાયદેસર રીતે જ થવા પામી રહ્યું છે. કહેવાઈ રહ્યુ છે કે, જીએમડીસી સિવાય લિગ્નાઈટનું ખનન કે પરિવહન અન્ય કોઈ કરી શકતુ નથી. ત્યારે આ ગેંગ આટલી બધી બિનધાસ્ત રીતે જો બ્લેકટ્રેપની લીજ દેખાડી અને તેની આજુબાજુમાંથી મોટા પ્રમાણમાં લિગ્નાઈટ ઉસેડી કરોડોની રોયલ્ટી ચોરી કરી રહ્યુ હોય તો તે તંત્રના લાપરવાહોની મીઠીનજર વિના તો શકય જ નથી? જાણકારો દ્વારા અહી સવાલ કરવામા આવી રહ્યો છે કે, રોજની આવી ૧૦૦થી ૧૫૦ ગાડીઓ કોલસો ગેરકાયદેસર રીતે ખનન થઈ અને પરિવહન થવા પામી રહ્યો છે તો, એ માટે કોણે છુટ આપેલી છે.? આ બાબતે સાચા અને તટસ્થ ખુલાસાઓ તો જ થશે તો ખુદ કચ્છ કલેકટરશ્રી આ સમગ્ર બાબતે જાત તપાસ કરાવે અને આ પ્રકારના ચાલી રહેલા કૌભાંડને ડામવા સયુકત ટીમ બનાવી, આવી ગાડીઓ પર બાઝ નજર રાખી અને તેમને દબોચી તેની પાછળના ભુજ-અબડાસા કે અન્ય જયાંના પણ સુત્રધારો રહેલા હોય તેઓને જેલના સળીયા ગણતા કરાવે તે જ સમયનો તકાજો બની રહ્યો છે.

## લખપતથી મોરબી સુધી ઈંટોના ભઠ્ઠામાં પહોચંતો ગેરકાયદેસર કોલસો કેમ કોઈને પણ દેખાતો નથી..?

ગાંધીધામ : કચ્છના છેવાડાના લખપત તાલુકામાં બ્લેકટ્રેપના નામે જે કોલસાચોરી ફુલી ફાલી છે, તે લિગ્નાઈટ-ગેરકાયદેસર રીતે ખનન અને પરિવહન કરી અને મોરબી સુધી ઈંટોના ભઠ્ઠાઓમાં ઠલવાઈ રહયો હોવાનુ ચર્ચાય છે. ત્યારે સવાલ એ થયા છે કે, લખપતથી મોરબી સુધી પહોચતા આખેઆખું લગભગ કચ્છ પસાર થઈને જવાની સ્થિતી સર્જાય તેમ છે. કેટલાય **પ્રાંત અધિકારીઓ, કેટલાય મામલતદારશ્રીઓ, કેટલાય પોલીસ મથકો, કેટલાય ખનીજ-વન વિભાગ અધિકારીઓ-કર્મચારીઓ**ની હદમાંથી આ ગેરકાયદેસર કોલસો-લિગ્નાઈટ પસાર થવા પામી રહ્યો છે. છતાએ સમ ખાવા પુરતી પણ બોગસ રોયલ્ટી સાથે કોલસાની હેરફેર કરતી આ ગાડીઓ કયાંય પકડાઈ હોવાનુ ન દેખાય તો તેના પાછળનું રહસ્ય શું હોઈ શકે? શું આ બધાય સરકારી તંત્રોના જવાબદારોની આંખે અંધાપો છે કે પછી ભ્રષ્ટ કોલસા-લિગ્નાઈટ ચોરી ટોળકીએ તેમની આંખે પાટ્ટામાં બાંધી દીધા છે?

## – તો ફતેહગઢની જેમ અહી પણ ડુપ્લીકેટ રોયલ્ટીનું મસમોટું કૌભાંડ ખુલશે

**જીએમડીસીને જ લિગ્નાઈટની પરવાનગી વચ્ચે આ કોલસાચોર ટોકળી કેમ ઉપાડી રહી છે આડેધડ કરોડોનો લિગ્નાઈટ?**

**ટોલનાકાઓ પર ક્રોસ વેરીફીકેશન કરાવમાં આવશે તો એક જ નંબરની ગાડીઓની બે રોયલ્ટી પાસ બનેલાનું આપોઆપ આવી જશે બહાર? : જો કે તેરી ભી ચુપ મેરી ભી ચુપના તાલે બધાયને માસીક તગડા સલિયાણા મળી જતા હોય તો આ બધી મહેનત–માથાકુટ તંત્રના અધિકારીઓ કરશે શું કામ?**

ગાંધીધામ : છેવાડાના કચ્છમાં લખપત-નારાયણસરોવર વિસ્તારમાં ખનીજચોર તત્વાએ હવે પડાવ નાખ્યો હોવાનુ સામે આવી રહ્યું છે. જાણકારો કહી રહ્યા છે કે, જો બ્લેકટ્રેપના નામે અહીથી જે રીતે લિગ્નાઈટની ગેરકાયદેસર હેરફેર કરવામા આવી રહી છે તે મામલે કડક અને ઘનિષ્ઠ તપાસ કરવામા આવશે તો જે રીતે વાગડ પટ્ટામા બોગસ રોયલ્ટી નીકળતી અને અને આખેઆખી ડમી કચેરી જ બનાવી દેવાઈ હોવાનુ ખુલવા પામ્યુ હતુ, તે જ રીતે લખપત પટ્ટામાં પણ બ્લેકટ્રેપના નામે ચાલી રહેલ કોલસાચોરી-લિગ્નાઈટ ગેરકાયદેસર ખનન અને પરીવહનનો પર્દાફાશ થવા પામી શકે તેમ છે. હકીકતમાં આ અંગે પ્રાંત અધિકારી અબડાસા, ખાણખનિજ વિભાગ, આરટીઓ તંત્ર અને પોલીસની સંયુકત ટીમ બનાવી જોઈએ અને આવા ગાહનો પર બાઝ નજર રાખી અને ટોલનાકા પર તેનુ ક્રોસ વેરીફીકશન કરવુ જોઈએ તો આપોઆપ જ જીએમડીસી માત્રને જ જે લિગ્નાઈટ પરિવહનની છુટ છે તેમાં અન્ય પાર્ટીઓ કે કોલસાચોર ટોકળીઓ કેવી રીતે બેફામ પરિવહન કરી રહ્યા છે તેનો ખુલાસો થવા પામી જશે. જાણકારો કહીરહ્યા છે કે, બોગસ રોયલ્ટી પાસ બનાવાની આ કૌભાંડ ચાલી રહ્યુ છે. જીએમડીસીમાંથી જે ગાડી નીકળી હોય કાયદેસરની તેના જ નામ-નંબરોના બોગસ રોયલ્ટી પાસ બનાવી અને આ કોલસાચોર ગેગ લિગ્નાઈટની ગેરકાયદેસર હેરાફેરી કરી રહ્યા છે.

## ભચાઉ પ્રાંતશ્રી કરાવે અન્ય અધિકારીઓનું સંકલન : કેનાલની પાણીચોરી અટકાવવા ઘડો એકશન પ્લાન

**પાણી પુરવઠા વિભાગ, સિંચાઈ વિભાગ, મામતલતદાર, પોલીસ તંત્ર સહિતનાઓની સંયુક્ત બેઠક યોજો : બકનળી–ગેરકાયદેસર મોટરો લાગેલી હોય તે બધાયને ધાક બેસાડતી ઝુંબેશરૂપ કાર્યવાહથી અત્યારથી જ કરાવો દુર : પાણી ચોરી અટકશે તો લોકો સુધી પીવાનુ પાણી આપોઆપ પહોચશે**

**વાગડમાં પાણીની પંચાત- ૩**

ગાંધીધામ : ઉપાય કરતા અગમચેતી સારીના સુત્રને અનુસરી અને જયારે આગામી દીવસોમાં ખાસ કરીને વાગડ વિસ્તારથી લઈ અને ગાંધીધામ પટ્ટા સુધીમાં કયાંક ને કયાંક પાણીની ગંભીર કટોકટી ઉભી થવાની સ્થિતી સર્જાતી હલચલ અત્યારથી જ જોવાઈ રહી છે ત્યારે હકીકતમાં સૌ કોઈ અત્યારથી જ જાગૃત બને, સૌ લાગતા વળગતા તંત્ર દ્વારા કડકાઈ પણકરવી જોઈએ તો તે માટે પણ તંત્રએ અત્યારથી પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે. વાગડમાં પાણીની પંચાત વકરે તે પહેલા આ માટેની કરવા પાત્ર કામગીરીમાં જાણકારો કહી રહ્યા છે કે, કેનાલમાં જે પાણી છે તેનો કટોકટીના સમયમાં રચનાત્મક ઉપયોગ થઈ શકે તે માટે અત્યારથી જ તંત્રએ હરકતમાં આવવુ જોઈએ. કેનાલમાં ઘણી બધી કડકાઈ અને તકેદારીઓ છતા પણ પાણીચોરનારા તત્વો કયાંક ને કયાંક સક્રીય બનેલા જ છે. જો હકીકતમાં આ પાણીનો સદઉપયોગ કરવો જ હોય તો ભચાઉનાપ્રાંત અધિકારીશ્રીએ વિવિધ જવાબદાર તંત્રોનું સંકલન કરાવવુ ઘટે.ભચાઉ પ્રાંતની અધ્યક્ષતામાં બેઠક યોજવી જોઈએ, જેમાં પોલીસતંત્ર ડીવાયએસપી કક્ષાના અધીકારી, પાણી પુરવઠા વિભાગ, સિંચાઈ વિભાગ, મામલતદાર સહિતનાઓને હાજર રાખવા વૈકલ્પીક વ્યવસ્થાઓને લઈને ધ્યાન આપવામાં આવે, જયા જરૂર પડે ત્યાં જ તકેદારી રાખવા સાથે એકશન પ્લાન ઘડી લેવુ જોઈએ તેમ

**નર્મદા કેનાલ બંધ થવાના એંધાણ ટાંકણે આગોતરૂ આયોજન ઘડાય તે જરૂરી**

જોઈએ. અને જયા કયાંય પણ બનકળીઓ કે મોટરો લગાવાયેલી હોય તેના પર ઝુંબેશરૂપ તવાઈબોલાવવાનો એકશન પ્લાન ઘડવો જોઈએ. કારણ કે એકતરફ લોકોને પીવાના પાણીનો તલસાટ વર્તાતો હશે અને બીજીતરફ કેનાલમાથી પાણી ગેરકાયદેસર રીતે ઉસેડનારાઓ બેફામ બનેલા હોય તો કોઈપણ પ્રકારના આગોતરા સુચારૂ આયોજનને પાર પાડવુ કપરૂ જ બની રહેશે અને છત્તે પાણીએ વાગડની પ્રજાને પાણીનો કકળાટ ભોગવવાનો વારો આવી શકે તેમ છે. અ માટે પ્રાંતશ્રી આવી સંકલન કરાવતી ન માત્ર બેઠક યોજે બલ્કે એકશન પ્લાન ઘડી અને તેની ચુસ્ત અમલવારી થાય, તેવા ધાક બેસાડતા કીસ્સાઓ પણ પુરવાર કરી દેખાડવા પડશે તે જ સમયની માંગ બની રહેશે.

## ગાંધીધામમાં લુંટારૂ તત્વો બેફામ – ખાખી કેમ નાકામ ? ગોપાલપુરી રેલવે મથક પાસે લુંટ થતા.થતા સહેજમાં રહી.!

ગાંધીધામ : એકતરફ ગુજરાત સરકાર અને ગૃહવિભાગ આવારા તત્વોને સીધાદોર કરવાની દીશામાં ધોક્કાછાપ કાર્યવાહી કરી છે અને તેની કચ્છમાં પણ જડબેસલાક અમલવારી થવા પામી રહી છે તેવામાં બીજીતરફ પૂર્વ કચ્છના ઔદ્યોગીક મથક ગાંધીધામ સંકુલમાં આવારા-લુંટારૂ તત્વો શીરજોરી પર ઉતરી પડેલાહોય તેમ લુંટને અંજામ આપતા જરા સહેજ પણ ખચકાતા ન હોય તેવી ઘટના સંકુલના આંતરીક બેડામાં ચર્ચાવવા પામી રહી છે.

આ મામલે કહેવાય છે કે, તાજેતરમાં જ ગુરૂવારની રાતે ગોપાલપુરી રેલવે સ્ટેશન પાસે રેલવે મથકનું જે કામ ચાલી રહ્યુ છે ત્યાં કામદારો કામ કરી રહ્યા છે તેઓને ચુકવણું કરવા માટે રકમ લઈને ઠેકેદાર આવી પહોચ્યા હતા આ પૈસા ચુકવાય તે જ વખતે ચાર-થી પાંચ જેટલા તત્વોએઅહી ઠેકેદાર પાસેથી આ રકમ લુંટી લેવાનો પ્રયાસ કર્યો હોવાનુ ચર્ચાય છે. જો કે તે વખતે બધાય અન્ય કામ કરનારાઓ ભેગા થઈ જતા અને ઠેકેદાર તથા કામદારો પણ જેમ તેમ કરી અને ભારતનગર લાડી લુહાણા સમાજની વાડીના પાછળનાભાગે દરવાજો ખુલ્લો હોતા ત્યાથી ભાગીને ભારતમાં પ્રવેશી ગયા હોવાથી લુંટ થતા થતા સહેજમાં જ રહી જવા પામી છે. અહી તો લુંટનો નાકામ પ્રયાસ બધાય સંગઠિત થઈને પ્રતિકાર કર્યો એટલે થઈ ગયો પરંતુ લુંટારૂ તત્વોને તો કોઈની ભય-બીક જેવુ કાંઈ નથી એ તો આવી ઘટનાઓ પરથી નકકી થવા પામી રહ્યું છે. હકીકતમાં આવા તત્વો પર ધાક બેસાડતી કાર્યવાહી કરવામાં ખાખી કયા નાકામ રહી જાય છે? તે જોવુ જઈએ. નાઈટ પેટ્રોલીંગ વધારવુ જોઈએ તથા આવા વિસ્તારોમાં કોમ્બીંગ પણ વધુ જડબેસલાક કરવાની જરૂર રહેલી છે તેમ ભયગ્રસ્ત અમુક વર્ગમાથી સુર ઉઠવા પામી રહ્યો છે. આ કેસમાં લુંટ થતા થતારહી ગઈ એટલે ફરીયાદ થવા પામી ન હોય તેમ સમજી શકાય છે પરંતુ આ વિસ્તારમાં જે રીતે ચર્ચા થાય છે તે જોતા લુંટારૂ તત્વો માથુ ઉચકી રહ્યા હોય તેમ તો દર્શાય જ છે. જેઓને વેળાસર જ સીધાદોર કરવા ખાખીએ એકશનમાં આવવુ જ પડે.

**રેલવે સ્ટેશનના ચાલી રહેલા કામમાં કામદારોને પૈસા ચૂકવવા આવેલ ઠેકેદાર પર ગુરૂવારની રાત્રે ચાર-પાંચ તત્વો ધસીને લુંટને અંજામ આપવાનો કર્યો નાકામ પ્રયાસ : કામદારો-ઠેકેદારો ભારતનગર તરફ બચાવમાં જવા સફળ રહ્યા અને લુંટ ન થઈ, પરંતુ કાયદો-વ્યસવસ્થાને પડકાર સમાન ઘટના તો કહેવાય જ..! : રાત્રે નોઈટ પેટ્રોલીંગ આ વિસ્તારોમાં વધારાય, કોમ્બીંગ પણ વધુ થાય તે ઈચ્છનીય : વેપારીઓ આવી સ્થિતીમાં કામ કરી કેમ શકે?**

## ભુજ સર્કલની ૧૩૧૧ સરકારી કચેરીઓમાં સ્માર્ટ વીજ મીટર કાર્યરત

**ભુજ, માંડવી અને નખત્રાણા ડિવિઝનમાં કુલ ૧૭૭૭ સ્માર્ટ મીટર લાગ્યા : તમામ સરકારી કચેરીઓમાં મીટર લગાવવાની કામગીરીનો ધમધમાટ : ભુજ ડિવિઝનમાં ૪૬૬ ખાનગી વીજ જોડાણમાં સ્માર્ટ મીટર કાર્યરત કરાયા**

### મેન્યુઅલ મીટર નીકળી જતાં કેટલીક કચેરીઓને મળી નોટીસ.. !

ભુજ : ભુજ સર્કલના ત્રણ ડિવિઝનમાં હાલે સરકારી કચેરીઓમાંથી જુના મેન્યુઅલ વીજ મીટરની બદલે નવા ડીજીટલ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે, તયારે જુનુ વીજ મીટર તંત્ર દ્વારા કાઢી લેવાયા બાદ કેટલીક સરકારી કચેરી અને આરોગ્ય સબ સેન્ટરોને વીજ જોડાણ કપાયાની નોટીસ મળતાં અચરજ ફેલાયું હતું. સ્માર્ટ મીટર લગાવવા માટે જુનું વીજ મીટર રદ થતાં કચેરીઓને વીજ જોડાણ કટ થયાની નોટીસ મળી હતી. વીજતંત્ર દ્વારા જ સ્માર્ટ મીટર લગાવવા જુનું મીટર કાઢવામાં આવ્યું હોવા છતાં નોટીસ મળતાં વીજ તંત્રની કામગીરી સામે અચરજ ફેલાયું છે.

### નવા વીજ જોડાણમાં હવે સ્માર્ટ મીટર લાગશે

ભુજ : પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા જુના વીજ મીટરોને નવા સ્માર્ટ મીટરમાં બદલાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. કચ્છમાં પ્રાથમિક તબક્કે સરકારના વિવિધ વિભાગોની કચેરીઓમાં નવા ડીજીટલ સ્માર્ટ મીટર લગાડવામાં આવી રહ્યા છે. આ સાથે જ નવા વીજ જોડાણ મેળવનાર ગ્રાહકોના કનેકશનમાં પણ હવે જુના મીટર નહીં પરંતુ સ્માર્ટ મીટર લગાડવામાં આવશે. ભુજ ડિવિઝનમાં અત્યાર સુધીમાં ૪૬૬ ખાનગી વીજ કનેકશનમાં ડીજીટલ સ્માર્ટ મીટર લગાડવામાં આવ્યા છે.

ભુજ : પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડે હવે ડિજિટલ યુગમાં પ્રવેશ કર્યો છે. કચ્છ જિલ્લામાં છેલ્લા થોડા સમયથી નવા વીજ જોડાણ અને સરકારી કચેરીઓમાં ડીજીટલ સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં પીજીવીસીએલના ભુજ સર્કલ હેઠળના ૩ ડિવિઝનમાં અત્યાર સુધી કુલ ૧૭૭૭ સ્માર્ટ મીટર કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત રાજ્યમાં વીજ ગ્રાહકોના જોડાણમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગુજરાતમાં આ કામગીરી શરૂ થયા બાદ સ્માર્ટ મીટરને લઈ ભારે હોબાળો પણ થયો હતો. લોકોએ પ્રિ-પેઈડ રિચાર્જ સિસ્ટમને લઈ સ્માર્ટ

**અનુસંધાન પાના નં.૫ પર**

**આશીષની સાથે ગાંધીધામના કયા કિરણની છે ભુંડી ભુમિકા ?**

## આશીષના કાસેઝના ૪–૫ યુનિટનો કાચો–ચીઠ્ઠો કઢાવો : ભ્રષ્ટ તત્વોથી માંડી ઘણા તાણાવાંણા ખુલશે

**કસ્ટમના ભ્રષ્ટ સુધીર–અજીત–ચંદનના ૪ હાથથી જ આશીષ તે વખતે જોનમાં રોઝ ઓઈલના બહાને આચરતો હતો મની લોન્ડરીંગના કૌભાંડો : આશીષના કાસેઝના એક યુનિટમાં તો સ્થાનિક કસ્ટમએ ધાક બેસાડતો કર્યો હતો કેસ જેમાં પાછળથી ડીઆરઆઈ જોતરાઈ જતા બધું જ કુલડીમાં ગોળ ભંગાી ગયો હતો**

**આશીષ–કિરણ–ગણેશ–મોહન આણી ટોળકીના તે સમયના આયાત-નિકાસના કામોની ફેર ચકાસણીઓ કરો, દસ્તાવેજો ફંફોસો તો કઈક કરોડોના ભોપાળા આવશે બહાર : કિરણના પુછાણા લ્યો તો ખ્યલ આવશે કે, તેનું તો ૨૦૧૯ આસપાસનું એક બ્રાન્ડેડ સુઝનું કન્સાઈમેન્ટ આવ્યુ હતુ, જે આજે પણ અદ્ધરતાલ જ પડયુ છે.., હજુ કલીયર થવા પામ્યુ નથી..!**

ગાંધીધામ : મુંદરા બંદર પરથી ૪૯ જેટલ બોગસ કંપનીઓ બનાવી અને કરોડોના હવાલાકૌભાંડમાં ત્રણ શખ્સોની ધરપકડ કરાઈ છે ત્યારે જાણકારો કહી રહ્યા છે કે આ કેસમાં આશીષ કકકડનું નામ પણ તપાસમાં વધુ એક વખત સામે આવ્યુ છે. તો આશીષ હાલમાં તો અગાઉના ઓનલાઈન ગેમીંગના નામે હવાલારેકેટમાં ઈડી બાદ ડીઆરઆઈનાકેસમાં જેલવાસ ભોગવી રહ્યો છે પરંતુ હાલનાકિસ્સાઓમાં જો એજન્સી ખરેખર કડકાઈ કરશે તો આશીષ કકડના સેઝમાં અગાઉ કેટલા એકમો હતા? તેમાં શુ આયાત-નિકાસ કરવામા આવતુ હતુ? આશીષ તો દિલ્હીનો છે, સ્થાનિક આશીષનું કામ કિરણ નામનો કયો શખ્દ બધા વહીવટો સાથે સંભળાતો હતો? આ બાબતે તપાસ થવી જોઈએ.

આશીષના એકાદ યુનિટમાં તો રોઝ ઓઈલના ઓવરવેલ્યુએશનના કૌભાંડ પર ધાક બેસાડતો કેસ પણ થવા પામી ચૂકયો હોવાનુ મનાય છે. હાલમાં પણ જો તપાસ થાય તોકાસેઝ સલગ્ન પણ આ આશીષના કાળા કરતુતો ખુલશે એટલુ માત્ર જ નહી પરંતુ આશીષને છાવરનાર કસ્ટમના ભ્રષ્ટ તત્વો અજીત, સુધીર અને ચંદન જેવાઓ સુધી પણ રેલો લંબાવવા પામી શકે તેમ મનાય છે.

જાણકારો કહી રહ્યા છે કે કરોડોના કૌભાંડી આશીષનું કામ કાસેજમાં અને સ્થાનિક કીરણ નામનો શખ્સ જ સંભાળતો હતો. આજે આ કીરણ વ્યકિતગત રીતે પણ પોતાના અનેક કન્સાઈનમેન્ટ કલીયર કરાવી રહ્યો છે. કહેવાય છે કે, આશીષ સાથે તેનું નામ ચર્ચામાં આવી ગયુ અને આશીષની ઈડીએ ધરપકડ કરી લીધી બાદમા આ કીરણ પીપાવાવ-હજીરા તરફ પોતાના ધંધાને ડાયવર્ટ કરી ગયો છે. કાસેઝમાં આશીષની સાથે ચકાસણી થશે તો ઈમ્પોૃટ-એકસપોર્ટમાં બન્નેની ભુમિકાઓ સામે આવશે જ આવશે. કહેવાય છે કે તેઓ એરકાર્ગો લાવી અને સેઝમાં માલ રાખતા અને તેને રીએકસપોર્ટ કરી દેતા હતા. આ આખોય ખેલ તેઓને ઓવરવેલ્યુએશનનો જ ખેલાતો હતો. ૧૦ રૂપીયાની વસ્તુ ૧૦૦ રૂપીયામાં લાવ્યાના ઓવરવેલ્યુએશન આ શખ્સો તે વખતે પણ કરતા હોવાનુ સામે આવવા પામી જશે અને આવુ થતુ હોય તો એ કસ્ટમના ભ્રષ્ટ તત્વોની મીલીભગત વિના થવુ સંભવ જ નથી. એટલે જુનો ઈમ્પોર્ટ એકસપોર્ટનો આશીષના કાસેઝના યુનિટનોચીઠ્ઠો જો મેળવાશે તો ઘણા બધા તાણાંવાણા સાથેની એક મોટી સિન્ડીકેટ ઉઘાડી પડી શકે તેમ જાણકારો કહી રહ્યા છે.

## મુંદરા હવાલાકૌભાંડની તપાસ ડીઆરઆઈથી આંચકીને ઈડીને જ આપવી જોઈએ?

ગાંધીધામ : મુંદરામાંથી ડીઆરઆઈ દ્વારા ૨૦ હજાર કરોડના અંદાજીત હવાલા રેકેટના ભોપાળાને ઝડપવાની દીશામાં કાર્યવાહી કરી છે. અહીથી ત્રણ શખ્સોની અટક પણ કરાઈ છે અને આ કેસમાં કસ્ટમનો એક સુપ્રીટેન્ડેન્ટ કક્ષાનો અધિકારી સુરેશ ઠાકુરને સસ્પેન્ડ પણ કરી દેવામા આવ્યો છે. પરંતુ અહી સવાલ એ થાય છે કે હજારો કરોડાનું કૌભાડ એકમાત્ર સુપ્રીટેન્ડેન્ટ આચરી ગયો હશે ખરો? બીજા ઉચ્ચ અધિકારીઓ આમા ચોકકસથી સંકળાયેલા છે પરંતુ ડીઆરઆઈ પાસે તપાસ છે અને કલાસવન અધિકારીઓનો તેમાં સંડોવણીઓ આવી રહી છે એટલે કયાંક ને કયાંક કાર્યવાહીમાં હવે સાડાબારી થતી હોવાનો પણ સુર જોવાય છે. ત્યારે સરકારે આટલા મોટા કૌભાંડની તપાસ ડીઆરઆઈ પાસેથી આંચકી અને ઈડીને જ સોપવી જોઈએ.